dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 130 | AD - 2025, Maha Vad- 01 | Thursday, Dt.13-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### મોદી અને મેક્રોને ભારત અને ફ્રાન્સ વચ્ચેના સંબંધો નવી ઊંચાઈએ પહોચાડ્યા

## યુએનએસસીમાં ભારતને કાયમી સભ્યપદના સમર્થન માટે ફ્રાન્સની ખાતરી

માર્સેલી,તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને પેરિસથી માર્સેલી સુધી એક જ વિમાનમાં મુસાફરી કરી હતી. બુધવારે, બંને દેશોએ વેપાર અને રોકાણ સંબંધો વધારવા માટે હાકલ કરી અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર અને વિવિધ વૈશ્વિક મંચો અને પહેલોમાં તેમના જોડાણને વધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. બંને નેતાઓએ તેમની વ્યાપક વાટાઘાટો પછી, વૈશ્વિક એઆઈ ક્ષેત્ર જાહેર હિતમાં ફાયદાકારક સામાજિક, આર્થિક, પર્યાવરણીય પરિણામો પહોંચાડે તે સુનિશ્ચિત કરવા માટે નક્કર પગલાં લેવાની તેમની પ્રતિબદ્ધતા પર પણ ભાર મૂક્યો હતો.

બંને નેતાઓની મુલાકાત બાદ જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ વાટાઘાટોમાં દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર સ્પેક્ટ્રમ તેમજ મુખ્ય વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા. બંને નેતાઓએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો અને સુરક્ષા પરિષદની બાબતો સહિત વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર નજીકથી સંકલન કરવા સંમત થયા હતા.

પીએમ મોદી અને મેક્રોને કહ્યું કે ભારત અને ફ્રાન્સ વચ્ચેના સંબંધો નવી ઊંચાઈએ પહોંચ્યા છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોને યુએનએસસીમાં ભારતના કાયમી સભ્યપદ માટે ફ્રાન્સના મજબૂત સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો. બંને નેતાઓએ ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારી પ્રત્યેની તેમની મજબૂત પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો અને નોંધ્યું કે છેલ્લા ૨૫ વર્ષોમાં તે ધીમે ધીમે



બહુપક્ષીય સંબંધમાં વિકસિત થયું છે. વિદેશ સચિવ મિસ્રીએ માર્સેલીમાં જણાવ્યું હતું કે, મોદી અને મેક્રોને યુરોપ, પશ્ચિમ એશિયા અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ભૂ-રાજકીય વિકાસ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને બુધવારે સંયુક્ત રીતે માર્સેલી શહેરમાં ભારતના નવા કોન્સ્યુલેટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આનાથી ભારતીયોની સુવિધા વધશે અને તેમની મુશ્કેલીઓ હળવી થશે. તમને જણાવી દઈએ કે ૧૦ ફેબ્રુઆરીથી, પ્રધાનમંત્રી મોદી હાલમાં રાષ્ટ્રપતિ મેક્રોનના આમંત્રણ પર ફ્રાન્સની મુલાકાતે છે. બંને નેતાઓએ સંયુક્ત રીતે માર્સેલી શહેરમાં નવા કોન્સ્યુલેટનું બટન દબાવીને ઉદ્‌ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે હાજર રહેલા લોકોએ પૂરા ઉત્સાહથી પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. આમાંના ઘણા લોકો ભારત અને ફ્રાન્સ બંનેના રાષ્ટ્રીય ધ્વજ લાવ્યા હતા. કોન્સ્યુલેટના ઉદ્‌ઘાટન પહેલાં, મોદી અને મેક્રોને ઐતિહાસિક મઝાર્ગ્યુસ કબ્રસ્તાનની મુલાકાત લીધી અને પ્રથમ વિશ્વયુદ્ધમાં સર્વોચ્ચ બલિદાન આપનારા ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી હતી. બાદમાં, બંને નેતાઓએ ભીડમાં હાજર કેટલાક લોકો સાથે પણ વાતચીત કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દક્ષિણ ફ્રાન્સના માર્સેલી પહોંચ્યા અને સ્વાતંત્ર્ય સેનાની વી.ડી. સાવરકરને શ્રદ્ધાંજલિ આપી, જેમણે તે જ બંદર શહેરથી "ભાગી જવાનો હિંમતવાન પ્રયાસ" કર્યો હતો. આ દરમિયાન પીએમ મોદીએ વી.ડી. સાવરકરની હિંમતની પ્રશંસા કરી. પ્રધાનમંત્રી મોદી બોલતા રહ્યા અને દુનિયા સાંભળતી રહી. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પણ હાજર હતા. "હું માર્સેલી પહોંચી ગયો છું," પીએમ મોદીએ મંગળવારે રાત્રે (સ્થાનિક સમય) ત્યાં પહોંચ્યા પછી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એકસ' પર એક પોસ્ટમાં કહ્યું હતું.

ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં આ શહેરનું વિશેષ મહત્વ છે. અહીં જ મહાન વીર સાવરકરે ભાગી જવાનો હિંમતભર્યો પ્રયાસ કર્યો હતો.

### શિંદેને દિલ્હીમાં શરદ પવાર દ્વારા મહાદજી શિંદે રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો

## શરદ પવાર દ્વારા એકનાથ શિંદેને આપવામાં આવેલા સન્માનથી ઉદ્ધવ ઠાકરે નારાજ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૨

મહારાષ્ટ્રમાં રાજકારણ રસપ્રદ બની રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શરદ પવાર દ્વારા એકનાથ શિંદેને આપવામાં આવેલા સન્માનથી ઉદ્ધવ ઠાકરે નારાજ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઉદ્ધવ ઠાકરેની આ નારાજગી મહા વિકાસ આઘાડી પર અસર કરી શકે છે. ખરેખર, ગઈકાલે એકનાથ શિંદેને દિલ્હીમાં શરદ પવાર દ્વારા મહાદજી શિંદે રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ઠાકરે





સેનાના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉદ્ધવ ઠાકરેએ શરદ પવાર દ્વારા એકનાથ શિંદેને સન્માનિત કરવા પર નારાજગી વ્યક્ત કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શિવસેના યુબીટી કહે છે કે શરદ પવારે શિવસેના તોડનારા એકનાથ શિંદેનું સન્માન ન કરવું જોઈએ. શરદ પવારે ઠાકરે પરિવારની લાગણીઓનો આદર કરવો જોઈતો હતો. બીજી તરફ, શિવસેના યુબીટીના સાંસદ સંજય રાઉતે કહ્યું, "શું તમે જાણો છો કે આ એવોર્ડ કોણે આપ્યો? રાજકીય નેતાઓને આપવામાં આવતા આવા એવોર્ડ કાં તો ખરીદવામાં આવે છે અથવા વેચવામાં આવે છે." તમને જણાવી દઈએ કે દિલ્હીમાં યોજાનારા ૯૮મા અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલન પ્રસંગે કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાની હાજરીમાં પવાર દ્વારા એકનાથ શિંદેને મહાદજી શિંદે રાષ્ટ્ર ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### સત્ર ૧૬ દિવસનું રહેશે

## યુપીમાં વિધાનસભાનું બજેટ સત્ર ૧૮ ફેબ્રુઆરીથી શરૂ થશે

(એચ.એસ.એલ),લખનૌ,તા.૧૨

વિધાનસભાનું બજેટ સત્ર ૧૮ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૫ માર્ચ સુધી ચાલશે. ૧૬ દિવસ ચાલનારા આ સત્રમાં ભારે હંગામો થવાની ધારણા છે. જોકે, ગૃહને શાંતિપૂર્ણ રીતે ચલાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ સત્ર ૧૮ ફેબ્રુઆરીએ વિધાનસભા અને વિધાન પરિષદની સંયુક્ત બેઠકમાં રાજ્યપાલ આનંદીબેન પટેલના સંબોધન સાથે શરૂ થશે. પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી દુર્ઘટના, મોંઘવારી અને બેરોજગારી જેવા મુદ્દાઓ પર વિપક્ષે ગૃહમાં સરકારને ઘેરવાની રણનીતિ બનાવી છે. મિલ્કીપુર



પેટાચૂંટણીમાં ભાજપની એકતરફી જીત બાદ, સપા વડા અખિલેશ યાદવના આક્રમક વલણને જોતા, સ્પષ્ટ છે કે આ મુદ્દા પર પણ શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે ટક્કર થશે. કેન્દ્રીય બજેટની જેમ, વિપક્ષે પણ રાજ્યના બજેટ ભાષણનો વિરોધ કરવાની તૈયારીઓ કરી લીધી છે. આ બધા વચ્ચે, ૫ માર્ચ સુધી વિધાનસભા સત્ર ચલાવવાની રૂપરેખાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ વખતે રાજ્યનું બજેટ લગભગ ૮ લાખ કરોડ રૂપિયા રહેવાની ધારણા છે, જે કેન્દ્રીય બજેટના લગભગ ૧૬ ટકા હશે. આ બજેટમાં કેન્દ્ર પ્રાયોજિત યોજનાઓ હેઠળ રાજ્યને વધેલી ફાળવણીનો સમાવેશ થશે. આ વખતે કેન્દ્રમાં મધ્યમ વર્ગ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હોવાથી, રાજ્યના બજેટમાં પણ તેની અસર જોવા મળશે તેવી અપેક્ષા છે. ખેડૂતોના કલ્યાણ માટે બજેટમાં મોટી રકમની જોગવાઈ કરવામાં આવશે. ટેકનોલોજી, રોજગાર અને માળખાગત સુવિધાઓ પર ખર્ચ કરવા માટે વધુ બજેટ પણ હશે.

### મુંબઈ પોલીસે ફોન કરનાર વ્યક્તિની ધરપકડ કરી

## પીએમ મોદીના વિમાન પર આતંકવાદી હુમલાનો ખતરો

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૨

મુંબઈ પોલીસે મુંબઈના ચેમ્બુર વિસ્તારમાંથી એક વ્યક્તિની ધરપકડ કરી છે જેણે પીએમ મોદીના વિદેશ પ્રવાસ દરમિયાન તેમના વિમાનને ઉડાવી દેવાની ધમકી આપતો ફોન કોલ કર્યો હતો. મુંબઈ પોલીસે બુધવારે આ માહિતી આપી. મુંબઈ પોલીસે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના સત્તાવાર વિદેશ પ્રવાસ પહેલા ધમકીભર્યો ફોન આવ્યા બાદ મંગળવારે મુંબઈના ચેમ્બુર વિસ્તારમાંથી એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. મુંબઈ પોલીસે જણાવ્યું હતું કે, "૧૧ ફેબ્રુઆરીના રોજ મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમમાં એક ફોન આવ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે વડાપ્રધાન મોદી સત્તાવાર વિદેશ યાત્રા પર હોવાથી તેમના



વિમાન પર આતંકવાદીઓ હુમલો કરી શકે છે. માહિતીની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, પોલીસે અન્ય એજન્સીઓને જાણ કરી અને તપાસ શરૂ કરી. પોલીસે જણાવ્યું હતું કે, "મુંબઈ પોલીસ કંટ્રોલ રૂમમાં ધમકીભર્યો કોલ કરનાર વ્યક્તિની ચેમ્બુર વિસ્તારમાંથી અટકાયત કરવામાં આવી છે. તે માનસિક રીતે બીમાર છે." જોકે, આ પહેલી વાર નથી જ્યારે મુંબઈ પોલીસને પીએમ મોદીના જીવને ધમકી મળી હોય. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગયા વર્ષે ડિસેમ્બરમાં ટ્રાફિક પોલીસ હેલ્પલાઈન પર ધમકી મોકલવામાં આવી હતી. તેમાં બે કથિત આઈએસઆઈ એજન્ટો સાથે બોમ્બ કાવતરાનો દાવો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ૩૪ વર્ષીય કાંદિવલીની રહેવાસી શીતલ ચવ્હાણની ગયા વર્ષે વડાપ્રધાનના જીવને જોખમમાં મૂકવાના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી. ચવ્હાણે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને દાવો કર્યો હતો કે તેની પાસે હથિયારો તૈયાર છે.


જવાહર નવોદય & સૈનિક સ્કૂલ અમરેલી
ધો.5 CET માટે
ટ્યુશન - હોસ્ટેલ - અપડાઉન
લાઠી રોડ બાયપાસ ચોકડી
રોહિત જોષી - અમરેલી
Mo.94294 33031
Mo.90676 06698












## ગઢચિરોલીમાં નક્સલીઓ સાથે અથડામણમાં શહીદ પોલીસ કોન્સ્ટેબલના પરિવારને રૂ. ૨ કરોડની સહાય

ગઢચિરોલી,તા.૧૨

મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં નક્સલીઓ સાથેની અથડામણમાં ઘાયલ થયેલ જવાન શહીદ થયા છે. ગઢચિરોલીમાં નક્સલીઓ સાથેના એન્કાઉન્ટરમાં પોલીસ કોન્સ્ટેબલ શહીદ થતા ૨ કરોડ રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે શહીદ સૈનિકની ઓળખ ૩૯ વર્ષીય મહેશ નાગુલવાર તરીકે થઈ છે, જે ગઢચિરોલીનો રહેવાસી હતો અને સ્પેશિયલ ઓપરેશન સ્ક્વોડ સાથે સંકળાયેલો હતો. દિરંગી અને ફુલનાર ગામો વચ્ચે નક્સલી કેમ્પ સ્થાપવામાં આવી રહ્યો હોવાની ગુપ્ત માહિતીના આધારે, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના ૧૮ સી-૬૦ યુનિટ અને ૨ ક્યુએટી યુનિટે સોમવારે ઓપરેશન શરૂ કર્યું હતું. નાગુલવારને ઓપરેશન દરમિયાન ગોળી વાગી હતી અને તેમને સારવાર માટે હેલિકોપ્ટર દ્વારા ગઢચિરોલી લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. જવાનના અંતિમ સંસ્કાર બુધવારે ગઢચિરોલીના તેમના વતન ગામ અંકોડા તાલુકામાં સંપૂર્ણ રાજ્ય સન્માન સાથે કરવામાં આવશે.




# નિલવડામાં આવેલ તળાવમાં માટી ચોરી કરતાં ૫ શખ્સોને ૩૦ લાખના મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી પાડયા

**મેલડી માતાના મંદિરના તળાવ પાસેથી ખનીજ ચોરોને ઝડપી પાડ્યા**



અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાં ખનીજ માફિયાઓ બેફામ બન્યા છે ત્યારે બાબરાના નિલવડા ગામે આવેલ મેલડી માતાના મંદિરના તળાવમાંથી ગેરકાયદેસર માટી ચોરી કરતાં ૫ શખ્સોને ૪ ટ્રેક્ટર અને ૧ લોડર મળી કુલ રૂા.૩૦.લાખ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા. બાતમી મળતા પોલીસે મેલડી માતાજી તળાવમાં દરોડો પાડયો હતો. અહીંથી નિલવડા રોડ પર રહેતા અંકીત કેશુભાઈ વરસડા, અંકીત જીણાભાઈ ડાભી, બાબરાના રાહુલ જેરામભાઈ પખવાડીયા, વિપુલ ચંદુભાઈ ઝીંઝુવાડીયા અને જયરાજ મનસુખભાઈ ડાભીને ઝડપી લીધા હતા. તેમની પાસેથી ૪ ટ્રેકટર અને ૧ લોડર મળી ૩૦ લાખનો મુદ્દામાલ પોલીસે કબ્જે કરેલ છે.

# અમરેલી તાલુકાના ગામડાઓમાં વિવિધ યોજનાના ખાતમુહૂર્ત કરતાં કૌશિક વેકરીયા



અમરેલી, તા.૧૨

અમરેલી વિધાનસભા મત વિસ્તારના જુદાં જુદાં વિકાસના કાર્યોનું કૌશિકભાઈ વેકરીયાના હસ્તે લોકાર્પણ અને ખાતમુર્હૂત કરવામાં આવ્યું છે. અમરેલી તાલુકાના ચક્કરગઢ ગામે ૩૯ લાખથી વધુ રકમના ચેકડેમ, વેસ્ટવિયર અને તળાવના કામોનું ખાતમુર્હૂત સ્થાનિક આગેવાનો અને સરપંચ વિપુલભાઈ ધોરાજીયાની આગેવાનીમાં કરવામાં આવ્યું હતું. અમરેલી તાલુકાના ખીજડીયા રાદડીયા ગામે શેડનું ખાતમુહૂર્ત કરાયું હતું. ઉપરાંત વરસડા ગામ ખાતે લાખો રૂપિયાના ખર્ચે બનેલા તળાવનું લોકાર્પણ અને પ્રોટેક્શન વોલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ તકે સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# ઝોનકક્ષાના કલા મહાકુંભમાં સોમ્યા ભંડરાલે કથ્થકમાં પ્રથમ સ્થાન મેળવ્યું



અમરેલી, તા.૧૨

જામનગર ખાતે સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષા કલા મહાકુંભમાં સૌરાષ્ટ્રના ૮ જિલ્લાઓના કથ્થક નૃત્યમાં પ્રથમ વિજેતા બહેનો વચ્ચે સ્પર્ધા યોજાયેલ હતી. જેમાં અમરેલીની સેંટ મેરી સ્કૂલમાં ધોરણ ૯ માં અભ્યાસ કરતી અને હરિવિહાર યોગ પાઠશાળામાં પણ ડાન્સ કરાવતી સોમ્યા ચંદનભાઈ ભંડરાલએ કથ્થક નૃત્યમાં ઝોન કક્ષાએ પ્રથમ સ્થાન મેળવતા સ્કૂલના પ્રિન્સિપાલ સહિત સમગ્ર સ્ટાફે ખુબ ખુબ અભિનંદન આપેલ હતા.

# લાઠી નગરપાલિકા ચૂંટણી : વોર્ડ નં. ૧ માં ભાજપની જંગી જાહેરસભા



લાઠી, તા.૧૨

લાઠી નગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને ભાજપ દ્વારા તમામ વોર્ડમાં ઝંઝાવાતી પ્રચાર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અંતર્ગત વોર્ડ નં.૧માં અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા અને લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં જંગી જાહેરસભા યોજાઈ હતી. સભામાં સાંસદ સુતરીયાએ જણાવ્યું હતું કે લાઠીના તમામ વોર્ડમાં કમળ જ ખીલશે અને જ્ઞાતિ-જાતિના ભેદભાવ ભૂલીને મતદારોને ભાજપ તરફી મતદાન કરવા અપીલ કરી હતી. ધારાસભ્ય તળાવીયાએ વોર્ડના ઉમેદવારોને જીતાડવા અનુરોધ કરતાં કહ્યું હતું કે, ‘કામ ન થાય તો અમે બેઠા છીએ, ગમે ત્યારે ફોન કરવાની છૂટ છે.’ કાર્યક્રમમાં લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ સોની, પૂર્વ પ્રમુખ અનિલભાઈ નાંઢા, વિશાલભાઈ ડોડીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધારીના ભાડેર ગામના પેટ્રોલ પંપે દીપડો દેખાયો



તસવીર : સંજય વાળા

ધારી, તા.૧૨

ધારીના ભાડેર ગામના પેટ્રોલ પંપ પર ગત રાત્રીના દીપડો જોવા મળ્યો હતો. દીપડો પેટ્રોલ પંપ પર લગાવેલા સીસીટીવીમાં કેદ થયો હતો. ધારી ગીર પંથકમાં દીપડાનો વધુ વસવાટ હોવાનું કહેવાય છે.

# પતિના પ્રેમસંબંધની જાણ કરીશ તો મારી નાખીશ કહી પરિણીતાને ધમકી આપી

**રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.વી. પંડયાએ વધુ તપાસ હાથ ધરી**

રાજુલા, તા.૧૨

રાજુલાના ચારોડીયા ગામે રહેતા હર્ષાબેન પરેશભાઈ જોગદીયા (ઉ.વ.૩૦)એ સુરત રહેતા મૂળ ખાંભાના રાયડી ગામના પતિ પરેશભાઈ છગનભાઈ જોગદીયા, છગનભાઈ ભીખાભાઈ જોગદીયા, સવિતાબેન છગનભાઈ જોગદીયા, ચંપાબેન પુનાભાઈ નાગર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પતિને તેની સાથે હીરાકામ કરતી યુવતી સાથે પ્રેમસંબંધ હતો. જેથી તેને ઘરેથી કાઢી મુકવા ત્રાસ આપતા હતા અને ગાળો બોલી અવારનાર ઢીકાપાટુ તથા પટ્ટાથી મારતા હતા. તેમજ કરિયાવર મુદ્દે કનડગત કરતા હતા. ફઈજી સાસુ ચંપાબેન નાગરે તેને પરેશના પ્રેમસંબંધ બાબતે કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.વી. પંડ્યા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના અવધ રેસીડેન્સી વિસ્તારમાં આવી ચડેલી દીપડી પાંજરે પુરાઈ



અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાં રહેણાંક વિસ્તારમાં અવારનાવાર વન્યપ્રાણીઓનો ત્રાસ જોવા મળે છે. ત્યારે અમરેલીમાં વધુ એક ઘટના સામે આવી છે. અમરેલીના અવધ રેસીડેન્સીના પાછળના વિસ્તારમાં એક દીપડી જોવા મળી હતી. જેની જાણ વનવિભાગને થતાં પાંજરૂ ગોઠવી ગતરાત્રે દીપડીને ઝડપી લેતા લોકોમાં હાશકારો થયો હતો.

# સા.કુંડલા વોર્ડ નં. ૪માં ૨૯ વર્ષ બાદ પણ રોડ રસ્તા વગર રહીશો પરેશાન

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર ચારના ગણેશવાડી વિસ્તારમાં છેલ્લા ૨૯ વર્ષથી રોડની સુવિધા ન મળતાં સ્થાનિક રહીશોએ નગરપાલિકા સામે મોરચો માંડ્યો છે. વર્ષ ૧૯૯૬માં પ્રથમવાર ડામર રોડ બન્યા બાદ આજ સુધી કોઈ સુધારણા થઈ નથી, જેના કારણે બાર જેટલી સોસાયટીના રહીશો અને વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શેરી નંબર બેનો આ મુખ્ય માર્ગ સહજાનંદ નગર, ગજાનન પાર્ક સોસાયટી, ચંદ્રમોલી સોસાયટી, શિવશક્તિ સોસાયટી, ખોડીયાર નગર, કાનાણી નગર, ખોડીયાર ચોક અને હાથસણી રોડને જોડે છે. પરંતુ તેની સ્થિતિ અત્યંત કથળેલી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, ‘શહેરમાં જ્યાં જરૂર નથી ત્યાં રોડ બની રહ્યા છે, પરંતુ અમારો આ મહત્વનો માર્ગ કેમ નજરઅંદાજ કરવામાં આવી રહ્યો છે તે સમજાતું નથી.’ રહીશોએ પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી ચેતવણી આપી છે કે જો આગામી બે મહિનામાં રોડનું નિર્માણ નહીં થાય તો તેઓ ઉપવાસ આંદોલન અને રસ્તા રોકો આંદોલન કરશે.

# ખેલ મહાકુંભ ૩.૦ : સૌરાષ્ટ્ર ઝોનની બહેનો માટેની હોકી સ્પર્ધા અમરેલી ખાતે યોજાશે

અમરેલી, તા.૧૨

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત મહિલા હોકી સ્પર્ધાઓ અમરેલી ખાતે યોજાશે. ઓપન એઈજ, અંડર-૧૭ અને અંડર-૧૪ વિવિધ વયમર્યાદાઓમાં આવતી સૌરાષ્ટ્ર ઝોનની મહિલા હોકી ખેલાડીઓની હોકી સ્પર્ધા ફેબ્રુઆરી-૨૦૨૫ની તા.૧૩ થી તા.૧૫ દરમિયાન યોજાશે. આ સ્પર્ધામાં વિવિધ ખેલાડીઓ ભાગ લેશે. અમરેલી ચિત્તલ રોડ સ્થિત સરદાર પટેલ રમત સંકુલ (ગોળ દવાખાનાની બાજુમાં) ખાતે યોજાનાર આંતર જિલ્લા (ઈન્ટર ડિસ્ટ્રિક્ટ) હોકી સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા અને તેમનો ઉત્સાહ વધારવા માટે અમરેલી જિલ્લાના તમામ નાગરિકોને ઉપસ્થિત રહેવા માટે તંત્ર દ્વારા આમંત્રિત કરવામાં આવ્યાં છે. ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત ઝોન કક્ષાએ (ઈન્ટર ડિસ્ટ્રિક્ટ) ઓલમ્પિક રમતો (ફૂટબોલ, હેન્ડબોલ, હોકી, વોલીબોલ) અને નોન ઓલમ્પિક એટલે કે, કબડ્ડી, ખો-ખો, શૂટિંગબોલ અને રસ્સાખેંચ સ્પર્ધાઓ દરેક જિલ્લામાં તા.૮-૨-૨૦૨૫ થી તા.૨૧-૨-૨૦૨૫ દરમિયાન યોજવામાં આવી રહી છે, તેમ અમરેલી જિલ્લા રમત ગમત અધિકારીએ એક યાદીમાં જણાવ્યું હતું.

# જાફરાબાદ તાલુકામાં ટીબીના દર્દીઓ માટે પોષણ કિટનું વિતરણ



જાફરાબાદ, તા.૧૨

રાષ્ટ્રીય ટીબી નાબૂદી કાર્યક્રમ અંતર્ગત ‘ટીબી મુક્ત ભારત અભિયાન’ હેઠળ જાફરાબાદ તાલુકાના તમામ ટીબી દર્દીઓને પોષણયુક્ત આહાર કિટનું વિતરણ કરવામાં આવ્યું છે. તાલુકા હેલ્થ કચેરી અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર જાફરાબાદ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીના સહયોગથી દર્દીઓને પોષણયુક્ત કિટ આપવામાં આવી હતી. અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીના એડમીન હેડ વિનિત રાણા અને સી.એચ.આર.લીડ લાલજી ગજ્જરની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ટાંક અને સિનિયર ટ્રીટમેન્ટ સુપરવાઈઝર સંદીપ જોષીએ વિશેષ જહેમત ઉઠાવી હતી.







નરાધમ શિક્ષકે પાંચ વખત આવું કૃત્ય કર્યું

# વંડા ગામે શિક્ષક બન્યો હેવાન: વિદ્યાર્થી સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલાના વંડા ગામે ચોંકાવનારી ઘટના બની હતી. શિક્ષકે વિદ્યાર્થી સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું. બનાવ અંગે ભાવનગરના જેસર તાલુકાના એક ગામમાં રહેતા પિતાએ વંડાની જી.એમ. બિલખીયા સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતાં વિશાલભાઈ સાવલીયા


તસવીર : સૌરભ દોશી

સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, હોસ્ટેલમાં રહેતા એક વિદ્યાર્થી સાથે ગૃહપતિ દ્વારા સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય કર્યાનું બહાર આવ્યું છે. વિદ્યાર્થી હોમવર્ક કરતો હતો ત્યારે આરોપી શિક્ષકે ચાર્જર લેવા મોકલ્યો હતો. વિદ્યાર્થી ચાર્જર લેવા જતા આરોપીએ પાછળ જઈ દરવાજો બંધ કરી દીધો હતો. ભોગ બનનારને કપડાં કાઢવાનું કહેતા ના પાડતા ઝાપટ મારી હતી. જેથી કપડા કાઢી નાખતાં પ્રથમ મોઢામાં બાદ પાછળનાં ભાગે દુષ્કર્મ આચર્યું હતું.

તેમજ અગાઉ પણ અલગ-અલગ સમયે આવુ કૃત્ય પાંચેક વાર કર્યું હતું. અને ભોગ બનનાર વિદ્યાર્થીને ઘટના અંગે કોઈપણને નહીં કહેવા માટેની ધમકી પણ આપતો હતો. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

સર્વ મંગલ બિલખીયા સ્કૂલમાં આરોપી વિશાલ સાવલીયા છેલ્લા ૧ વર્ષથી હોસ્ટેલ મેનેજમેન્ટ ગૃહપતિ અને રમતગમત તથા જનરલ નોલેજના શિક્ષક તરીકે કાર્ય કરતો હતો. હોસ્ટેલ વિભાગમાં ૧૭ વિદ્યાર્થીઓ રહેતા હતા. પોલીસે આરોપીના રૂમને પ્રાથમિક તપાસ માટે સીલ કરેલ છે અને વધુ પુરાવાઓ એકત્રિત કરવા માટેની પ્રક્રિયા હાથ ધરી છે.

દુષ્કર્મ આચર્યા બાદ વિદ્યાર્થીને પાછળના ભાગે દુ:ખાવો થયો હતો. અને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીને તેમના પરિવારજનો નાસ્તો દેવા માટે હોસ્ટેલમાં આવ્યા ત્યારે તેને તાવ આવતો હોય પરિવાર સાથે તે ઘરે જતો રહ્યો હતો. ઘરે પહોંચ્યા બાદ વિદ્યાર્થીએ તેના પરિવારને વાત કરતાં સમગ્ર ઘટના પ્રકાશમાં આવી હતી. પોલીસે ઘટનાની ગંભીરતા સમજી આરોપી વિશાલ સાવલીયાને ઝડપી લીધો હતો.

## બાબરામાં કર્મકાંડીના ઘરમાં ચોર ઈસમો ત્રાટકી રૂ. ૧.૩૧ લાખની ચોરી કરી છૂમંતર થઈ ગયા

**બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.વી. રાઠોડે વધુ તપાસ હાથ ધરી**

બાબરા, તા.૧૨

બાબરામાં રહેતા એક કર્મકાંડીના ઘરમાં અજાણ્યા ચોર ઈસમો ત્રાટક્યા હતા અને રૂ. ૧.૩૧ લાખની ચોરી કરી છૂમંતર થઈ ગયા હતા. બનાવ અંગે સંદીપભાઈ પ્રવિણભાઈ જોષી (ઉ.વ.૪૪) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના રહેણાંક મકાનના દરવાજાનો નકુચો તોડી ત્રાટકેલા ચોર ઈસમો લોકરમાંથી રોકડા રૂ.૬૫,૦૦૦ સહિત સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૧,૩૧,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## ધારીમાં વિશેષ ટ્રાફિક ડ્રાઈવ: કાયદો ભંગ કરનારા વાહનચાલકો સામે કડક કાર્યવાહી

**પોલીસ દ્વારા લાયસન્સ અને ડોક્યુમેન્ટની ચકાસણી**

ધારી, તા.૧૨

ધારી પોલીસ સ્ટેશનના પી.આઈ. દેસાઈના નેતૃત્વમાં આજે શહેરમાં વિશેષ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવ


તસવીર : સંજય વાળા

દરમિયાન શહેરના વિવિધ માર્ગો પર વાહનોનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા હાથ ધરાયેલી આ કાર્યવાહી દરમિયાન વાહનચાલકો પાસેથી ડ્રાઈવિંગ લાયસન્સ અને વાહનના આવશ્યક દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. આ દરમિયાન લાયસન્સ વગર વાહન ચલાવતા, જરૂરી દસ્તાવેજો ન ધરાવતા તેમજ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

## બગસરામાં ખેડૂતને સીમકાર્ડ ૨૪ કલાક માટે બંધ થઈ જશે કહી ગઠિયાએ ચૂનો ચોપડ્યો

**૧,૦૪,૭૦૦ રૂપિયા ઉપાડીને છેતરપિંડી આચરી**

બગસરા, તા.૧૨

બગસરામાં રહેતા એક ખેડૂતને અજાણ્યા ઈસમે મોબાઈલ કેર સર્વિસમાંથી બોલું છું તેમ કહી તમારું સિમ ૨૪ કલાક માટે બંધ થઈ જશે તેમ કહ્યું હતું અને ૧,૦૪,૭૦૦ રૂપિયા ઉપાડીને છેતરપિંડી આચરી હતી. બનાવ અંગે રતિભાઈ વલ્લભભાઈ ચોવટીયા (ઉ.વ.૪૮) એ જાહેર કર્યા મુજબ, આરોપીએ તેમને ફોન કરીને હું જીયો કેરમાંથી બોલું છું કહી ખોટી ઓળખાણ આપી હતી, જે બાદ તમારો મોબાઈલ ફોન ૨૪ કલાકમાં બંધ થઈ જશે તેમ કહી ૧ નંબર દબાવવા કહ્યું હતું. જે બાદ સીમકાર્ડ બંધ કરી દઈ તેમના બેંક એકાઉન્ટમાંથી ૧,૦૪,૭૦૦ રૂપિયાની ચોરી કરી હતી. બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી. સાળુંકે વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલાના દાધિયા ગામે લોકશાળા ખડસલીના એનએસએસ કેમ્પનો પ્રારંભ

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલા તાલુકાના દાધિયા ગામે શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ સંચાલિત લોકશાળા ખડસલીનો એનએસએસ કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાના સંયોજક હરેશભાઈ પંડ્યા, ગોવાભાઈ ગાગીયા અને આચાર્ય નાનજીભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું તિલક કરી સ્વાગત કરાયું હતું.



સરપંચ પ્રદીપભાઈ ભાલાળા, પ્રાથમિક શાળાના આચાર્ય મહેશભાઈ શેલાર, એનએસએસ પ્રોગ્રામ ઓફિસર પ્રતીકભાઈ પટેલ, પીડીલાઈટના સંયોજક અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.


સંકુલ ધો. ૧૧ પ્રવેશ – A1 A2 ગ્રેડને ફી રાહત
સંકુલ ધો. ૧૨ રીઝલ્ટ – A1 A2 ગ્રેડને ફી પરત
★ સંકુલનાં ધો–૧૧ આર્ટસ–કોમર્સ–સાયંસ EM-GM માં પ્રવેશ લેનાર ધો–૧૦ નાં કોઈપણ A1 ગ્રેડ સ્ટુડન્ટ્સને ધો.૧૧–૧૨ બન્ને વર્ષ 50% ફી રાહત–A2 ગ્રેડને 25%
★ સંકુલનાં ધો–૧૨ આર્ટસ–કોમર્સ–સાયંસ EM-GM નાં સંકુલની કોલેજમાં પ્રવેશ લેનાર A1 ગ્રેડ સંકુલ સ્ટુડન્ટ્સને ધો. ૧૧–૧૨ બન્ને વર્ષની 50% ફી પરત – A2 ગ્રેડને 25%
★ KG ટુ PG – સંકુલ ઓછી ફી – સારૂ શિક્ષણ – સારી વ્યવસ્થા – ઉચ્ચ પરિણામ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી - Ad 113



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટ્સ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ...
એજ જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com


### -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૫૦/૨૦૨૪ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. વાટલીયા લીલીબેન રણછોડભાઈ વાઈફ ઓફ બુહા જયંતીભાઈ
રહે. ગોકુળનગર, નેસડી રોડ તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી ગાધડકા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી **વાટલીયા લીલીબેન રણછોડભાઇનો જન્મ તા.૧૩/૦૯/૧૯૫૪** ના રોજ મુ. ગાધડકા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા


શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# લીલીયાના એકલેરા ગામે બે પક્ષોમાં ધિંગાણું : સામસામી ફરિયાદ નોંધાઈ

લીલીયા, તા.૧૨

લીલીયાના એકલેરા ગામે બે પક્ષોમાં ધબધબાટી બોલી હતી. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. નરેશભાઈ હમીરભાઈ જોગરાણા (ઉ.વ.૨૧) એ વાલાભાઈ ભલાભાઈ કાનમીયા, વશરામભાઈ દાનાભાઈ કાનમીયા, ભલાભાઈ દાનાભાઈ કાનમીયા સહિત ૮ લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા આરોપીઓ એક જ ગામના અને એક જ જ્ઞાતિના છે. મોબાઈલમાં સ્ટેટસમાં વીડિયો રાખવા મુદ્દે અગાઉ બોલાચાલી થઈ હતી. જેનું મનદુઃખ રાખી આરોપીઓએ તેમના પર જીવલેણ હુમલો કરી, ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ વશરામભાઈ દાનાભાઈ કાનમીયા (ઉ.વ.૪૮)એ હમીરભાઈ પાંચાભાઈ જોગરાણા, મુન્નાભાઈ ખીમાભાઈ જોગરાણા સહિત સાત લોકો સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીઓ સાથે ધંધામાં ટ્રેક્ટરના ભાડા કરવા બાબતે અગાઉ બોલાચાલી થઈ હતી. જેનું મનદુઃખ રાખી

**જાનથી મારવાની ધમકી આપી**

આરોપીઓએ એકસંપ થઈ મરણતોલ ઘા માર્યા હતા. ઉપરાંત ઢીકાપાટુનો માર માર્યો હતો અને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.જે. ગીડા વધુ તપાસ કરી રહ્યા છે.

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

# ખાંભાના નાનુડી ગામે યુવક પર છરીથી હુમલો કરી ગળાના ભાગે ચરકો કર્યો

ખાંભા, તા.૧૨

ખાંભાના નાનુડી ગામે બે પક્ષોમાં બબાલ થઈ હતી અને સામસામી ફરિયાદ નોંધાવી હતી. હિતેશભાઈ જયસુખભાઈ મારૂ (ઉ.વ.૧૮) એ મેહુલભાઈ ગુણાભાઈ વાઘ તથા હસમુખબાઈ કાબાભાઈ મારૂ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પિતા, મેહુલભાઈ વાઘના ઘર બાજુ ગયા હોવાથી આરોપીને સારું નહોતું લાગ્યું, જેથી ઢીકાપાટુનો માર મારતા હતા. તેમને બચાવવા વચ્ચે પડતાં હાથમાં રહેલી છરીથી તેમના ગળાના ભાગે ચરકો કર્યો હતો. તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. જે બાદ મેહુલભાઈ ગુણાભાઈ વાઘ (ઉ.વ,૧૮) એ જયસુખભાઈ દેવશીભાઈ મારૂ, હિતેશભાઈ નાનુભાઈ મારૂ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ઘરે રામભાઈ રાઠોડ તથા સોનલબેન રાઠોડ આવ્યા હતા.

જે બાબતે જયસુખભાઈ મારૂને સારું નહીં લાગતાં સાહેદ ભાનુબેન સાથે ઉગ્ર ભાષામાં વાત કરી ગાળો આપી હતી. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતાં કુહાડી મારી હતી અને ઢીકાપાટુનો માર માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# ધારીના ડાંગાવદર ગામે પરિવારના ચાર લોકોને ઝેરી દવાની અસર થઈ

ધારી, તા.૧૨

ધારીના ડાંગાવદર ગામે રહેતા દમુબેન શામળાભાઈ બલદાણીયાએ જાહેર કર્યા મુજબ, તે, માહીર શામળાભાઈ બલદાણીયા, દેવલબેન શામળાભાઈ બલદાણીયા, સમજુબેન નાથાભાઈ બલદાણીયાને બપોરના આશરે સાડા બારેક વાગ્યાના સમયે ઘરે હાજર હોય અને ઘરની ઓસરીમાં લોટ દળવાની ઘંટી આવેલ છે તે ઘંટી ઉપર વાડી ખેતરમાં નાખવાની દવા પડેલી હતી. કોઈ કારણસર ઘંટી ઉપર રહેલ ઝેરી દવા તે ઘંટીમાં દળેલ ઘઉના લોટમાં પડી ગઈ હતી અને આ લોટની રોટલી બનાવી ચારેય લોકો જમ્યા હતા. જમ્યા બાદ થોડીકવાર થતા ચારેયને ઉલ્ટી ઉબકા થવા લાગતા તેમના પતિ શામળાભાઈ આવી જતા લોટ સુંઘતા તેમાં ઝેરી દવાની વાસ આવતા ઉપરોક્ત ચારેયને ઝેરી દવાની અસર થયાની જાણ થતા હોસ્પિટલમાં સારવારમાં દાખલ કર્યા હતા.

# લીલીયા મોટામાં સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ ડ્રાઈવનું આયોજન કરાયું

લીલીયા,તા.૧૨

લીલીયા મોટા ખાતે આજે સરકારી કર્મચારીઓમાં હેલ્મેટના નિયમનું પાલન સુનિશ્ચિત કરવા માટે પોલીસ દ્વારા વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યભરમાં રોડ અકસ્માતમાં થતાં મૃત્યુ અને ગંભીર ઈજાઓને નિયંત્રિત કરવાના ભાગરૂપે આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.



લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.જે. ગીડા અને પીએસઆઈ વાય.એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ ડ્રાઈવમાં લીલીયા મોટાની વિવિધ સરકારી કચેરીઓના પ્રવેશદ્વાર પાસે ટ્રાફિક પોલીસનું ડિપ્લોયમેન્ટ કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારના આદેશ મુજબ, સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્યના જવાબદાર નાગરિક તરીકે અન્ય લોકો માટે રોલ મોડલ બને તે અપેક્ષિત છે. આ હેતુથી તેમના દ્વારા હેલ્મેટ સહિતના તમામ ટ્રાફિક નિયમોનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા માટે આ વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજુલામાં નગરપાલિકા ચૂંટણી માટે વોર્ડ ૧ માં મિટિંગ યોજાઈ



રાજુલા,તા.૧૨

રાજુલામાં નગરપાલિકાની ચૂંટણી માટે વોર્ડ નંબર એકમાં ભાજપના ઉમેદવારો દ્વારા મિટિંગ યોજાઈ હતી. જેમાં વોર્ડના ભાજપના ચારેય ઉમેદવારો, ભાજપની ટીમ દ્વારા બાળકો, વડીલો સહિત બહોળી સંખ્યામાં લોકોને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. આ મિટિંગમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી પણ હાજર રહ્યા હતા. રાજુલા શહેર પ્રમુખ વનરાજભાઈ વરુ દ્વારા વિકાસના કામની રૂપરેખા આપવામાં આવી હતી. હીરાભાઈ સોલંકીએ જે પણ કામ અટકેલા હશે તેને પૂરા કરવાની ખાતરી આપી હતી. આ ચારેય ઉમેદવારોને જંગી બહુમતીથી ચૂંટવા અપીલ પણ કરી હતી. પ્રજાપતિ સમાજના પ્રમુખ મનીષભાઈ વાળાએ વધુ મતદાનની અપીલ કરી હતી. આ મિટિંગ માટે મહેશભાઈ ટાંક, દેવશીભાઈ બામણીયા અને ઉમેદવારોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ભાડેરના વિદ્યા ભારતી શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓ કરાટે સ્પર્ધામાં વિજેતા થયા

ભાડેર,તા.૧૨

ધારીના ભાડેર ગામના શ્રી વિદ્યા ભારતી શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ કરાટે સ્પર્ધામાં શિલ્ડ તેમજ વિવિધ મેડલ પ્રાપ્ત કર્યા છે. સંકુલના વિદ્યાર્થીઓ દેવમુરારી આર્યા, ડાંકી દેવાંગ, પરમાર મયંક, સાવલિયા પૃષ્ટિ, ડાંકી નાજુક, સાવલિયા કુંજ, દેવાણી ક્રિના, દેવમુરારી તમન્ના, પરમાર આદિત્ય, કુબાવત વિશ્વાએ



વિશિષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત કરીને શાળા-પરિવારનું નામ રોશન કર્યુ છે. ટીપીઈઓ અતુલભાઈ કાથરોટિયા, બીઆરસી અતુલભાઈ દવેએ શાળાના આચાર્ય-સંચાલક ભાવેશભાઈ દેવમુરારીના સખત પરિશ્રમને અભિનંદન આપેલ છે.

# અમરેલીમાં વણિક સમાજ જ્ઞાતિ માટે સેલ્ફ ડિફેન્સ વર્કશોપ યોજાયો

અમરેલી,તા.૧૨

ઈનર વિલ ક્લબ ઑફ અમરેલી ગીર અને અમરેલી કપોળ યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે "વિમેન્સ એમ્પાવરમેન્ટ એન્ડ સેલ્ફ ડિફેન્સ વર્કશોપ" નો સમસ્ત વણિક સમાજ જ્ઞાતિ માટે પાંચ દિવસીય વર્કશોપ યોજાયેલ હતો. આ વર્કશોપ તા. ૫/૨/૨૦૨૫ થી ૯/૨/૨૦૨૫ દરમિયાન અમરેલી કપોળ મહાજન વાડીમાં યોજાયો હતો.



જેમાં બહોળી સંખ્યામાં બહેનો તથા દીકરીઓ જોડાયા હતા. જેની તાલીમ કરાટે એક્સપર્ટ પાર્થ કામોઠી દ્વારા આપવામાં આવેલ. આ વર્કશોપના અંતે તમામને સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા અને સમસ્ત વણિક જ્ઞાતિના પ્રમુખો હાજર રહ્યા હતા.

# ખાંભા જૂના ગામમાંથી બાઈક ચોરાયું

ખાંભા, તા.૧૨

ખાંભાના જૂના ગામમાંથી બાઈક ચોરાયું હતું. ભુપતસિંહ નારૂભાઈ રાઠોડ (ઉ.વ.૫૨) એ જાહેર કર્યા મુજબ, તેમણે વાડીએથી આવી મોટર સાયકલ ઘરની બહાર પાર્ક કર્યું હતું. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. પોલીસ ચોપડે બાઈકની કિંમત રૂ. ૧૦,૦૦૦ જાહેર થઈ હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ધાંધળ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: એકમ
તા. ૧૩-૦૨-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૦૧,
સૂર્યાસ્ત-૦૬:૦૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: માઘ

## દૈનિક રાશિફળ

તા.૧૩-૦૨-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. પાચનશક્તિ ધીમી થઈ શકે છે અને આંખોમાં મુશ્કેલી આવી શકે છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે.

મિથુન: આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે.

કર્ક: આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના, ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા પૂર્ણ થશે.

સિંહ: તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે.

કન્યા: આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો.

તુલા: આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો. ધંધામાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે.

વૃશ્ચિક: આજે તમે જે કાર્યો વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે.

ધન: આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામ પૂરા થશે અને ખ્યાતિ વધશે.

મકર: આજે અચાનક શરીરના દુ:ખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. પાછળથી દગો થઈ શકે છે.

કુંભ: આજે તમે તમારા હરીફો માટે માથાનો દુ:ખાવા સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે.

મીન: આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્ત્રોત સર્જાશે.

# બાબરામાં સગીરાના અપહરણ કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

બાબરા,તા.૧૨

બાબરા કરીયાણા રોડ પર રહેતા શૈલેન્દ્રકુમાર મહાવીરસેન પર સગીરાના અપહરણનો આરોપ મુકવામાં આવ્યો હતો. આરોપી સામે સગીરાને લલચાવી, બદકામ કરવાના ઈરાદાથી કાયદેસરના વાલીપણામાંથી ઉપાડી ગયાની ફરિયાદ બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. પોલીસને આરોપી ઉતરપ્રદેશ ખાતે રહેતા હોવાનું



જણાતા તે બાબતે વધુ તપાસ કરી હતી. આરોપી કલ્પેશભાઈ તનસુખભાઈ કાગદડાએ તેમને ઉપરોકત બનાવ બાબતે ભોગ બનનાર સગીરવયની અને અણસમજુ હોવાનું પહેલેથી જાણતા હોવા છતાં ભોગ બનનારના ભોળપણનો લાભ લઈ આરોપી શૈલેન્દ્રકુમારે તેમનું વાલીપણામાંથી અપહરણ કરવામાં આરોપીએ તેમને મદદ કરેલ હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપી કલ્પેશભાઈ તનસુખભાઈ કાગદડા વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ હતું. ત્યારબાદ અમરેલીની સ્પે. પોકસો કોર્ટ સમક્ષ આ કેસ શરૂ થયેલ હતો. આ કેસમાં સરકાર પક્ષે ઘણા સાક્ષીઓ તપાસવામાં આવેલ હતા, ફરિયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરી શકેલ ન હોઈ આરોપી કલ્પેશભાઈ તનસુખભાઈ કાગદડાને જજ ડી.એસ. શ્રીવાસ્તવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી તરફ અમરેલીના એડવોકેટ હરનીલ ત્રિવેદી રોકાયેલ હતા.

# ચમારડીની શાળાની વિદ્યાર્થિનીઓની લગ્નગીત સ્પર્ધામાં ઝળહળતી સફળતા

બાબરા, તા.૧૨



બાબરાના ચમારડી પે. સેન્ટર શાળાની વિદ્યાર્થિની માટિયા ધ્રુવીશા નાથાભાઈએ ઝોન કક્ષાએ કલા મહાકુંભની લગ્નગીત સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. તેની સાથે સહાયક તરીકે મેઘનાથી ભૂમિ, મકવાણા પૂનમ, ઝાપડા દયા અને માટીયા મનીષાએ પણ સુંદર દેખાવ કર્યો હતો. ઢોલવાદકમાં પરમાર કૌશિકે સેવા આપી હતી. સમગ્ર કૃતિને તૈયાર કરવામાં મીનાક્ષીબેન કસવાળા અને કાજલબેન ઠોળીયાએ માર્ગદર્શન આપેલ. શાળા પરિવારે બાળાઓને અભિનંદન પાઠવ્યા હતા.


**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

**-:જાહેર નોટીસ:-**

નં.મરણ નોંધણી/અરજી નં.૦૪/૨૦૨૫

**અરજદારશ્રી:-** શ્રી પ્રવિણભાઈ ખીમજીભાઈ દામોદરા,
રે. લુણીધાર, તા.વડીયા જિ.અમરેલી
મો.- ૯૧૦૬૩ ૪૯૦૮૧

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી લુણીધાર, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીના પુત્રશ્રી રાજેશકુમાર નો જન્મ તા.૦૧/૦૯/૧૯૮૪ ના રોજ મુ.લુણીધાર, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૦૫/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહીં તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**વડીયા**



**-//તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના//-**

કેસ-નં.૨૨/૨૦૨૫

અરજદાર :- શ્રી સરવૈયા ભનુભાઈ સામતભાઈ
રે.મોઠા,તા.ઉના
-: વિરૂધ્ધ :-
સામાવાળા :- તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.મોઠા ,તા.ઉના

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉના તાલુકાના મોઠા ગામના રહીશ શ્રી સરવૈયા ભનુભાઈ સામતભાઈએ તેઓના દોહિત્રશ્રી ઋત્વિક જીગ્નેશભાઈ વાળાની જન્મ તા.૦૩/૧૦/૨૦૦૮ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૩/૨૦૨૫ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૩૦/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**ઉના**



**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૭/૨૦૨૫ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- ..૧. ગીતાબેન ધીરૂભાઈ વિરાણી તે રમેશભાઈ કથીરિયાના ધર્મપત્નિ
રહે. બી ૩૫૪, કૃષ્ણકુંજ સોસાયટી, નાના વરાછા, સુરત

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી બાઢડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી **ગીતાબેન ધીરૂભાઇ વિરાણીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૩** ના રોજ મુ. બાઢડા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

તંત્રી લેખ

# ડિજિટલ વિઝાની સુવિધાનો આરંભ

ડિજિટલ નોમાડ વિઝા એ એક ખાસ વિઝા છે. જે દૂરસ્થ કામદારોને લાંબા સમય સુધી બીજા દેશમાં રહેવા અને કામ કરવાની મંજૂરી આપે છે. તમારે પરંપરાગત વર્ક વિઝાની જરૂર નથી. આ વિઝા સાથે, તમને વિશ્વના અન્ય દેશોમાં મુસાફરી કરવાની અને તેમની સંસ્કૃતિ, ખોરાક, જીવનશૈલી અને ભાષા શીખવાની તક મળે છે. એવા પણ દેશો છે જ્યાં ભારતીય પાસપોર્ટ પર ડિજિટલ નોમાડ વિઝા આપવામાં આવે છે.

ડિજિટલ નોમાડ વિઝા જે ૧૬ દેશોમાં ભારતીય પાસપોર્ટ ધારકોને રહેવા અને ખાવાની સુવિધા પૂરી પાડશે. બધા કાર્યકારી વ્યાવસાયિકો વિદેશમાં રહીને દૂરથી કામ કરવાનું સ્વપ્ન જુએ છે અને હવે તમે ડિજિટલ નોમાડ વિઝાની મદદથી આ સ્વપ્ન પૂર્ણ કરી શકો છો.

ડિજિટલ નોમાડ વિઝા શું છે? તે જાણવું જરૂરી છે. ડિજિટલ નોમાડ વિઝા એ એક ખાસ વિઝા છે જે દૂરસ્થ કામદારોને લાંબા સમય સુધી બીજા દેશમાં રહેવા અને કામ કરવાની મંજૂરી આપે છે. તમારે પરંપરાગત વર્ક વિઝાની જરૂર નથી. આ વિઝા સાથે, તમને વિશ્વના અન્ય દેશોમાં મુસાફરી કરવાની અને તેમની સંસ્કૃતિ, ખોરાક, જીવનશૈલી અને ભાષા શીખવાની તક મળે છે. એવા દેશો પણ છે જ્યાં ભારતીય પાસપોર્ટ પર ડિજિટલ નોમાડ વિઝા આપવામાં આવે છે. આવા દેશોમાં પ્રથમ સ્થાને આવે છે.

૧૫ જુલાઈ ૨૦૨૪ ના રોજ, થાઈલેન્ડે ડેસ્ટિનેશન થાઈલેન્ડ વિઝા રજૂ કર્યો હતો. આ વિઝા ૫ વર્ષ માટે મલ્ટીપલ-એન્ટ્રી વિઝા તરીકે ડિઝાઈન કરવામાં આવ્યો છે. ડિજિટલ નોમાડ વિઝા સાથે, તમે પ્રતિ એન્ટ્રી ૧૮૦ દિવસ સુધી થાઈલેન્ડમાં રહી શકો છો. ભારતીય પાસપોર્ટ ધારકોના બેંક ખાતામાં ઓછામાં ઓછા ૫,૦૦,૦૦૦ થાઈ બાહ્ત અથવા ૧૨,૭૫,૨૨૯ રૂપિયા હોવા આવશ્યક છે. ઈટાલી ડિજિટલ નોમાડ વિઝા સાથે, તમે ત્યાં ૧ વર્ષ સુધી રહી અને કામ કરી શકો છો. અરજી કરવા માટે, અરજદાર પાસે આશરે ૨૨,૩૯,૬૮૬ રૂપિયાની વાર્ષિક આવકનો પુરાવો, ઈટાલીમાં તબીબી સારવાર માટે આરોગ્ય વીમો, રહેઠાણનું પ્રમાણપત્ર અને છેલ્લા ૬ મહિનાનો નોમાડ વર્કર તરીકેના અનુભવનું પ્રમાણપત્ર હોવું આવશ્યક છે. ઈન્ડોનેશિયા પાસે સત્તાવાર ડિજિટલ નોમાડ વિઝા નથી, પરંતુ ભારતીય પાસપોર્ટ ધારકો **E33G** વિઝા સાથે ૧ વર્ષ સુધી ત્યાં રહી અને કામ કરી શકે છે. ઈન્ડોનેશિયામાં રિમોટ વર્ક કરવા માટે, તમારી પાસે ૧,૭૩,૦૬૧ રૂપિયાનું બેંક બેલેન્સ હોવું આવશ્યક છે. ગ્રીસ બિન-**EU** રહેવાસીઓને ડિજિટલ નોમાડ વિઝા ઓફર કરે છે. આ વિઝા માટે અરજી કરવા માટે, તમારી પાસે ગ્રીસની બહાર રોજગાર કરાર અથવા સ્વતંત્ર કાર્યનો પુરાવો, દર મહિને રૂ. ૩,૧૬,૧૦૬ ની આવકનું પ્રમાણપત્ર, આરોગ્ય વીમો, કવર લેટર અને તબીબી પ્રમાણપત્ર હોવું આવશ્યક છે. આ ઉપરાંત, વિદેશ મંત્રાલય (નવી દિલ્હી) તરફથી પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ અને કન્ફર્મ રિટર્ન ફ્લાઈટ ટિકિટ જરૂરી છે. જર્મની પાસે ડિજિટલ નોમાડ વિઝા નથી, છતાં તે દેશ ફ્રીલાન્સ વિઝા ઓફર કરે છે. જર્મનીમાં એક વર્ષ રહેવા માટે, તમારી પાસે દર મહિને ૧,૧૫,૭૭૨ રૂપિયાનું આવક પ્રમાણપત્ર હોવું જરૂરી છે. બધા દસ્તાવેજો અને ફોર્મ્સનો જર્મન ભાષામાં અનુવાદ થવો જોઈએ.

ક્રોએશિયા ડિજિટલ નોમાડ વિઝા ઓફર કરે છે જે દેશમાં ૬ મહિનાથી ૧ વર્ષ સુધી રહેવા અને કામ કરવાની મંજૂરી આપે છે. તેની પાસે માન્ય પાસપોર્ટ અને ઓછામાં ઓછા ૨,૫૯,૫૮૦ રૂપિયા પ્રતિ માસનું આવક પ્રમાણપત્ર હોવું આવશ્યક છે. ક્રોએશિયામાં રહેવા માટે લીઝ કરાર જરૂરી છે. એકવાર તમારી અરજી ચકાસાઈ જાય, પછી તમારે ૩૦ દિવસની અંદર તમારા કામચલાઉ ક્રોએશિયન સરનામાની નોંધણી કરાવવી આવશ્યક છે.

# કટ્ટર ઈમાનદાર અરવિંદ કેજરીવાલનું મિશન પંજાબ

દિલ્હીના ચૂંટણીમાં નામોશીભરી હાર થવા છતાં હવે પંજાબની ખુરશી પર બેસવા માટે અરવિંદ કેજરીવાલ હવાતીયા મારી રહ્યા છે. જ્યારે પ્રશ્ન જાગે છે કે શું અરવિંદ કેજરીવાલ ખરેખર પંજાબના મુખ્યમંત્રી બનશે? આ દાવાઓમાં કોઈ તથ્ય કેમ લાગે છે, આ બેઠક પણ સાક્ષી આપી રહી છે. અરવિંદ કેજરીવાલના બેગ બિસ્તરા દિલ્હીથી પેક કરવામાં આવ્યા છે. દિલ્હીની ચૂંટણી હાર્યા બાદ હવે તેની નજર પંજાબ પર છે. તેમણે પંજાબના મુખ્યમંત્રી અને ધારાસભ્યની એક મહત્વપૂર્ણ બેઠક બોલાવી હતી. હવે દરેકના મનમાં પ્રશ્ન એ છે આમ આદમીના આ મહાન નેતાએ સાદાઈનો ભંગ કરીને દિલ્હીમાં મોટા શીશમહેલ ઉભા કરી દીધા. દિલ્હીની જનતાએ આ નજરે જોયું અને કેજરીવાલને ઘર ભેગા કરી દીધા. તેમનો ભવ્ય શીશમહેલ ભ્રષ્ટાચારનું પ્રતીક ગણાતું હોવાથી નવા સીએમ હવે તેમાં રહેવા જવાના નથી. બીજી બાજુ દિલ્હી ચૂંટણીના પરિણામોએ અરવિંદ કેજરીવાલને ધોળા દિવસે તારા બતાવ્યા છે. દિલ્હીમાં **AAP** ને મોટો ફટકો પડ્યો છે. દિલ્હીમાં ૨૭ વર્ષ પછી ભાજપ સત્તામાં પાછી આવી છે. હાર બાદ આમ આદમી પાર્ટી હવે પંજાબ તરફ નજર કરી રહી છે. પંજાબ એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં આમ આદમી પાર્ટી મજબૂત છે અને સરકારમાં છે. દિલ્હીમાં હાર્યા બાદ અરવિંદ કેજરીવાલે પંજાબના મુખ્યમંત્રી અને **AAP** ધારાસભ્યોની બેઠક બોલાવી હતી. આ બેઠકને લઈને અટકળોનું બજાર ગરમ છે. દાવા કરવામાં આવી રહ્યા છે કે અરવિંદ કેજરીવાલ પંજાબના મુખ્યમંત્રી બની શકે છે.

ભાજપ અને કોંગ્રેસ બંને આ દાવાઓને બળ આપી રહ્યા છે. જો તેનું માનવું હોય તો, અરવિંદ કેજરીવાલ વર્તમાન સીએમ ભગવંત માનને હટાવીને પોતે સીએમની ખુરશી પર બેસી શકે છે. જોકે, આ દાવાઓમાં કેટલી સત્યતા છે તે આવનારા સમયમાં ખબર પડશે. હાલમાં આમ આદમી પાર્ટીની બેઠકે દિલ્હીથી પંજાબ સુધી હલચલ મચાવી દીધી છે. રાજકીય વર્તુળોમાં વિવિધ પ્રકારની વાતો કહેવામાં આવી રહી છે. શું અરવિંદ કેજરીવાલ પંજાબમાં મુખ્યમંત્રીની ખુરશી પર બેસશે? શું અરવિંદ કેજરીવાલને દિલ્હી તરફ કૂચ કરવાનો પંજાબનો પ્લાન મળ્યો છે?

હકીકતમાં, અરવિંદ કેજરીવાલ પંજાબના મુખ્યમંત્રી બનશે કે નહીં તે અંગે સસ્પેન્સ સમાપ્ત થઈ શકે છે. અરવિંદ કેજરીવાલે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને પંજાબના **AAP** ધારાસભ્યો સાથે એક મહત્વપૂર્ણ બેઠક બોલાવી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે અરવિંદ કેજરીવાલે દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોની ચર્ચા કરવા માટે આ બેઠક બોલાવી હતી. પરંતુ સૂત્રો કહે છે કે આ બેઠક આમ આદમી પાર્ટીની ભાવિ રણનીતિ ઘડવાની હતી. આ બેઠક અંગે એવા દાવા પણ કરવામાં આવી રહ્યા છે કે અરવિંદ કેજરીવાલ પોતે પંજાબના મુખ્યમંત્રી બની શકે છે. હવે પ્રશ્ન એ છે કે આ દાવાઓમાં કોઈ તથ્ય હોય તેવું કેમ લાગે છે? તો આનું એક કારણ પંજાબની બેઠક છે જે હજુ પણ ખાલી છે. આમ આદમી પાર્ટીએ ૨૦૨૨ માં પંજાબ વિધાનસભા ચૂંટણી જીતી હતી. ૧૧૭ માંથી ૯૨ બેઠકો જીતીને સરકાર બનાવી. પરંતુ દિલ્હીમાં **AAP** હારતાંની સાથે જ પંજાબમાં અરાજકતા ફેલાય ગઈ



છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે પંજાબના **AAP** યુનિટમાં અરાજકતા છે. આંતરિક એકતા હવે પ્રશ્નાર્થમાં છે. કેટલાક લોકો માને છે કે દિલ્હીમાં પાર્ટી નેતૃત્વનો હજુ પણ પંજાબ સરકાર પર પ્રભાવ છે. એવી પણ અટકળો છે કે અરવિંદ કેજરીવાલ હવે પંજાબી રાજકારણમાં વધુ સીધી ભૂમિકા ભજવવાનું

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

વિચારી શકે છે. લુધિયાણા વિધાનસભા બેઠક હાલમાં ખાલી છે. તેથી, રાજકીય નિષ્ણાતો પણ અરવિંદ કેજરીવાલની ત્યાંથી ચૂંટણી લડવાની અને સરકારનો ભાગ બનવાની શક્યતા પર ચર્ચા કરી છે.

વાસ્તવમાં, દિલ્હીમાં આમ આદમી પાર્ટીની હારના બે દિવસ પછી અરવિંદ કેજરીવાલે આ બેઠક બોલાવી હતી. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં **AAP**ની કારમી હાર અને પાર્ટીના પંજાબ એકમમાં વધી રહેલા અસંતોષની અટકળો વચ્ચે આ બેઠક થઈ હતી. જોકે, **AAP** સાંસદ માલવિંદર સિંહ માંગે અસંતોષના અહેવાલને નકારી કાઢ્યા અને મંગળવારની બેઠકને નિયમિત રણનીતિ સત્ર ગણાવી.

ભારતીય જનતા પાર્ટી લગભગ ૨૭ વર્ષ પછી દિલ્હીમાં સરકાર બનાવવા જઈ રહી છે. દિલ્હી ૭૦ વિધાનસભા બેઠકો માટે ૫ ફેબ્રુઆરીએ યોજાયેલી ચૂંટણીમાં, ભાજપે ૪૮ બેઠકો જીતી હતી, જ્યારે **AAP** ૨૨ બેઠકો પર સમેટાઈ ગઈ હતી અને કોંગ્રેસ એક પણ બેઠક જીતી શકી ન હતી.

દિલ્હી વિધાનસભાની નવી દિલ્હી બેઠક પરથી ભાજપના પ્રવેશ વર્માએ અરવિંદ કેજરીવાલને હરાવ્યા છે. વિપક્ષી નેતાઓ કહી રહ્યા છે કે પંજાબમાં પણ **AAP**ની સ્થિતિ આવી જ છે. ત્યાં, ૨૦૨૪ ની લોકસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ૧૩ ઉમેદવારોમાંથી ફક્ત ત્રણ જ જીતી શક્યા હતા. પંજાબ એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં **AAP** હાલમાં સત્તામાં છે. આવી સ્થિતિમાં, બેઠકનું પરિણામ પક્ષની ભાવિ દિશા અને સ્થિરતા માટે મહત્વપૂર્ણ બની શકે છે.

દિલ્હીમાં હાર બાદ, **AAP** મોટા પરિવર્તનની તૈયારી કરી રહી છે. અરવિંદ કેજરીવાલે પંજાબ માટે એક ગુપ્ત યોજના બનાવી છે. પંજાબ રાજકારણઃ દિલ્હી ચૂંટણીમાં હાર બાદ અરવિંદ કેજરીવાલે પંજાબ માટે એક ગુપ્ત યોજના તૈયાર કરી છે. ૨૦૨૭માં યોજાનારી પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં, કેજરીવાલ આ યોજના સાથે કોંગ્રેસ, અકાલી દળ અને ભાજપનો સામનો કરશે.

દિલ્હી ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની હાર બાદ અરવિંદ કેજરીવાલનું મિશન પંજાબ શરૂ થયું છે. કેજરીવાલે ૨૦૨૭ માં યોજાનાર પંજાબ વિધાનસભાની ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી છે. આપ સુપ્રીમોએ દિલ્હી ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા પંજાબમાં આપવામાં આવેલા ઘાનો બદલો લેવાની યોજના પણ તૈયાર કરી છે. દિલ્હી ચૂંટણીમાં, કોંગ્રેસ પાર્ટીને કારણે **AAP** ને ઓછામાં ઓછી ૧૪ બેઠકો પર નુકસાન થયું. જો કે, દિલ્હી ચૂંટણીના પરિણામો આવ્યા ત્યારથી કેજરીવાલ મીડિયાથી અંતર જાળવી રહ્યા છે. હા, દિલ્હીની હાર પછી, ગયા શનિવારે તેમનો એક વીડિયો સંદેશ આવ્યો. જો **AAP** સૂત્રોનું માનીએ તો, દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં અરવિંદ કેજરીવાલ પંજાબ વિશે ખૂબ જ ડરેલા અને ચિંતિત હોય તેવું લાગે છે. આવી સ્થિતિમાં, પાર્ટી સંગઠનમાં મોટા ફેરફારોની સાથે, ગુપ્ત યોજનાઓ પણ તૈયાર કરવામાં આવી રહી છે.

જો તમે સૂત્રો પર વિશ્વાસ કરો છો, તો અરવિંદ કેજરીવાલને લાગે છે કે આગામી દિવસોમાં ભાજપ અને કોંગ્રેસ બંને પંજાબ વિશે ભ્રામક સમાચાર જનતા સમક્ષ લાવશે. આવી સ્થિતિમાં, પંજાબના ધારાસભ્યો તેમજ ત્યાં નેતાઓ સાથે વાતચીત કરવી મહત્વપૂર્ણ છે. તમને જણાવી દઈએ કે દિલ્હી ચૂંટણીમાં **AAP**ની હાર બાદ ભાજપ સહિત વિપક્ષી પાર્ટીઓ પંજાબમાંથી **CM** ભગવંત માનને બદલવાની વાત કરી રહી છે. બીજી બાજુ, જો આપણે **AAP** નેતાઓનું માનીએ તો, તેઓ ખોટો પ્રચાર ફેલાવી રહ્યા છે. આવી સ્થિતિમાં, પાર્ટીમાં ખૂબ જ ટૂંક સમયમાં ફેરફાર કરવામાં આવશે.

આમ આદમી પાર્ટી આગામી છ મહિનામાં રાજ્ય સ્તરથી લઈને રાષ્ટ્રીય સ્તર સુધીના સંગઠનાત્મક માળખામાં મોટા ફેરફારો કરવા જઈ રહી છે. જો પાર્ટીના નેતાઓનું માનીએ તો, આગામી દિવસોમાં પાર્ટીને મજબૂત બનાવવા માટે તમામ વર્ગના લોકોને પાર્ટીમાં સ્થાન આપવામાં આવશે. આમ આદમી પાર્ટી કેટલાક મોટા વકીલો, **IAS** અને **IPS** અધિકારીઓને પાર્ટીમાં સામેલ કરવાનો પ્રયાસ કરી રહી છે. આગામી દિવસોમાં, આમ આદમી પાર્ટી પર લાગેલા ભ્રષ્ટાચારના ડાઘને ધોવા માટે કોર્ટનો પણ સંપર્ક કરવામાં આવી શકે છે. આ સાથે, પાર્ટી કેટલાક વરિષ્ઠ અમલદારોને પાર્ટીમાં સામેલ કરીને આ ડાઘ ધોવાનો પ્રયાસ કરશે.

## શબ્દ સંજોગ-૧૯૪૯



**આડી ચાવી :**
(૧) આજે વિદ્યાર્થીઓને.... વિનાના ભણતરની જરૂર છે (૨)
(૨) સમાપ્ત કે પૂરુ કરવુ તે (૪)
(૬) કેડ, કમ્મર (૩)
(૭) બિલાડો (૩)
(૮) રીત, રિવાજ (૩)
(૧૦) એક રત્ન (૩)
(૧૨) નાનો, વહેળો, નાળું (૩)
(૧૩) આશરે ૫૬ મણ જેટલુ એક અંગ્રેજી તોલ (૨)
(૧૪) શઠ, ધૂર્ત (૨)
(૧૫) અભ્યાસાર્થે દર માસે ભરાતી રકમ (૧)
(૧૬) અવાસ્તવિક મોત (૩)
(૧૮) સખત પકડવાનું યંત્ર (૩)
(૨૧) ....કી નીકળી સવારી... કી લીલા... (૩)
(૨૩) ગણપતિદાદાને ખૂબ જ ભાવે (૩)
(૨૪) 'રમત' થઈ આડી-અવળી (૩)
(૨૬) અષાઢી બીજ એટલે... યાત્રા (૨)
(૨૮) પ્રપંચ, જાળ (૨)
(૨૯) ડાટા તરીકે વાપરેલો ડૂચો (૨)
(૩૦) અમેરિકી ચલણ (૩)
(૩૧) આશરે ૧/૩ રૂપિયાની કિંમતનું એક કચ્છી રૂપા નાણું (૨)

**ઉભી ચાવી :**
(૧) એક ગુજરાતી મહિનો (૪)
(૨) ઘણા માણસોને વાતવાતમાં.....ખાવાની આદત હોય છે (૨)
(૩) પતિ જ જયારે પત્નીને.....કરે તો પછી સાસરીના સભ્યો તેને હેરાન કરવાના જ (૪)
(૪) બંદગી (૩)
(૫) હથેળી (૪)
(૬) એક રોગ (૩)
(૯) શક્કરિયું (૫)
(૧૧) તેજ, ભપકો (૩)
(૧૪) ખલાસ, સમાપ્ત (૩)
(૧૭) શ્રી કૃષ્ણનું એક નામ (૩)
(૧૮) સમાન, બરાબરિયું (૪)
(૧૯) સર્કસનું અનિવાર્ય પાત્ર (૩)
(૨૦) સાંભળવુ તે (૨)
(૨૨) જીવનનો મુખ્ય આધાર (૪)
(૨૫) આધાર, ભરોસો (૩)
(૨૭) દુકાનનો અગ્ર ભાગ (૨)
(૨૮) તોર, અભિમાન (૨)

## શબ્દ સંજોગ-૧૯૪૮ જવાબ

**આડી ચાવીઃ** (૧) નરસિંહ (૪) સારંગી (૬) હકસાઈ (૮) રવો (૧૦) શોધ (૧૩) રજત (૧૫) પાયલોટ (૧૭) પાપડ (૧૮) પલ (૧૯) તતડાટ (૨૧) મલમ (૨૪) રમ (૨૫) રજૂ (૨૬) ગજ (૨૮) રખે (૩૦) રદ (૩૨) રવધ(ધરવ) (૩૩) રવી (૩૪) રમ્ય. **ઉભી ચાવીઃ** (૧) નકશો (૨) સિંહ (૩) હક (૪) સાઈ (૫) ગીર (૭) સાવ (૯) વોરંટ (૧૧) ધરપત (૧૨) બાંય (૧૪) જડતર (૧૫) પાલ (૧૬) લોકલ (૧૮) પટ (૨૦) ડામર (૨૧) મજૂર (૨૨) મઠ (૨૩) સાગર (૨૭) જવ (૨૯) ખેર (૩૧) દર.

# સૌરાષ્ટ્ર માર્કેટયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૧૧ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૯૪ | ૬૩૧ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૬૬ |
| જુવાર સફેદ | ૮૪૦ | ૯૯૧ |
| જુવાર લાલ | ૯૦૦ | ૧૧૦૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૨૨ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૧૪૫ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| અડદ | ૧૨૮૦ | ૧૫૬૦ |
| મગ | ૧૨૦૦ | ૧૭૪૦ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૧૬૪ |
| ચોળી | ૨૧૫૦ | ૨૬૮૬ |
| મઠ | ૬૦૦ | ૯૫૦ |
| કળથી | ૭૭૫ | ૮૭૫ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૨૭ |
| મગફળી જીણી | ૯૪૦ | ૧૨૩૦ |
| તલી | ૧૮૯૦ | ૨૦૬૦ |
| એરંડા | ૧૧૨૫ | ૧૨૨૬ |
| અજમો | ૧૪૦૦ | ૧૬૭૫ |
| સોયાબીન | ૭૩૦ | ૭૭૫ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૩૦ |
| કાળા તલ | ૩૫૪૦ | ૫૦૮૦ |
| લસણ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ધાણા | ૧૨૭૦ | ૧૭૪૦ |
| મરચા સુકા | ૮૫૦ | ૨૨૫૦ |
| ધાણી | ૧૨૭૦ | ૧૭૪૦ |
| વરીયાળી | ૧૧૫૦ | ૧૩૧૦ |
| જીરૂ | ૩૬૫૦ | ૩૯૭૫ |
| રાય | ૧૦૪૦ | ૧૩૧૫ |
| મેથી | ૮૦૦ | ૧૧૦૦ |
| રાયડો | ૯૮૦ | ૧૦૯૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૧૭૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૪૫ | ૪૭૦ |
| ટમેટા | ૫૦ | ૧૫૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૭૦ | ૧૫૦ |
| સકરીયા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૦ | ૬૦ |
| ફ્લાવર | ૮૦ | ૧૫૦ |
| ભીંડો | ૭૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૨૦ | ૩૫૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૮૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૧૬૦૦ | ૨૦૦૦ |
| કાકડી | ૫૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૩૫૦ | ૫૦૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૫૦ | ૩૦૦ |
| મેથી | ૧૦૦ | ૧૫૦ |
| વાલ | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૫૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૧૦૦ | ૩૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩ ૪૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૯૦ | ૧૪૭૫ |
| શિંગ મઠડી | ૮૫૭ | ૧૧૨૫ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૧૩૧ |
| શિંગદાણા ફાડા | ૮૫૫ | ૧૨૫૬ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૧૫૦ |
| ઘઉં ટુકડા | ૫૫૨ | ૭૦૧ |
| ઘઉં લોકવન | ૫૬૦ | ૬૮૦ |
| અડદ | ૧૧૩૦ | ૧૩૬૨ |
| ચણા | ૮૩૦ | ૧૧૪૭ |
| તુવેર | ૮૨૦ | ૧૫૧૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૮૪૦ |
| ધાણા | ૧૧૧૦ | ૧૪૦૧ |
| સોયાબીન | ૫૯૦ | ૭૯૧ |
| મરચા લાંબા | ૩૧૦ | ૩૩૦૦ |
| અજમા | ૧૦૩૦ | ૨૪૦૦ |
| રાયડો | ૭૭૦ | ૧૦૫૦ |
| મગ | ૯૯૦ | ૧૩૭૧ |
| વરીયાળી | ૬૧૦ | ૧૪૦૦ |
| સુરજમુખી | ૬૮૫ | ૬૮૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૩૦૦ |
| રીંગણાં | ૨૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૨૦ |
| શકકરીયા | ૪૫૦ | ૫૦૦ |
| ટામેટા | ૭૦ | ૧૦૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૪૦ | ૪૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મુળા | ૧૦૦ | ૧૪૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૨૦ |
| વાલોળ | ૧૬૦ | ૩૦૦ |
| વટાણા | ૪૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| તુવેર | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૧૬૦ |
| મેથીભાજી | ૧૦૦ | ૧૪૦ |
| ફુદીનો | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| સરગવો | ૫૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૨૨૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| મરચા લાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૨૭૦ | ૫૦૦ |
| લસણ લીલુ | ૫૦૦ | ૬૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૯૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |
| આમળા | ૬૦૦ | ૮૦૦ |
| પાલક | ૩૦૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી.ટી. | ૧૧૧૧ | ૧૪૬૬ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૩૨ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૮૬ |
| મગફળી જીણી | ૭૪૧ | ૧૧૧૬ |
| સિંગ ફાડીયા | ૮૪૧ | ૧૨૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૪૧ | ૧૨૫૧ |
| તલ કાળા | ૩૩૯૬ | ૪૬૭૬ |
| જીરૂ | ૨૦૫૧ | ૪૦૭૧ |
| વરીયાળી | ૨૦૦ | ૨૦૦ |
| ધાણા | ૮૦૦ | ૧૬૨૧ |
| લસણ સુકું | ૪૯૧ | ૧૩૫૧ |
| ડુંગળી લાલ | ૧૪૧ | ૫૫૬ |
| અડદ | ૧૧૫૧ | ૧૬૬૧ |
| મઠ | ૮૮૧ | ૯૧૧ |
| તુવેર | ૧૧૮૧ | ૧૫૨૧ |
| રાય | ૧૧૨૧ | ૧૧૮૧ |
| મેથી | ૬૯૧ | ૮૫૧ |
| કાંગ | ૩૦૦ | ૯૩૧ |
| મરચા | ૪૫૧ | ૩૧૫૧ |
| ગુવાર બી | ૭૮૧ | ૭૮૧ |
| મગફળી જાડી | ૫૬૧ | ૧૨૬૧ |
| નવા ધાણા | ૧૦૦૦ | ૨૧૫૧ |
| નવી ધાણી | ૧૦૦૦ | ૪૨૦૧ |
| નવું જીરૂ | ૩૦૦૧ | ૪૧૩૧ |
| નવું લસણ | ૫૦૧ | ૧૮૯૧ |
| સફેદ ચણા | ૧૨૦૦ | ૧૯૫૧ |
| તલ - તલી | ૧૪૦૦ | ૨૩૯૧ |
| ધાણી | ૯૦૦ | ૧૬૩૧ |
| ડુંગળી સફેદ | ૨૧૦ | ૨૬૬ |
| બાજરો | ૫૦૦ | ૫૫૧ |
| જુવાર | ૮૦૧ | ૧૦૫૧ |
| મકાઇ | ૫૩૧ | ૫૩૧ |
| મગ | ૧૦૫૧ | ૧૭૯૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૭૧ |
| વાલ | ૫૯૧ | ૧૨૯૧ |
| ચોળા / ચોળી | ૮૯૧ | ૨૩૫૧ |
| સોયાબીન | ૫૯૧ | ૭૯૧ |
| અજમાં | ૨૦૦૧ | ૨૦૦૧ |
| ગોગળી | ૬૫૦ | ૯૨૧ |
| **ગોંડલ(શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦ | ૧૬૦ |
| મરચા | ૨૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૨૦ | ૮૦ |
| દુધી | ૪૦ | ૨૫૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૨૪૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૪૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૬૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૨૪૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| તુવેર | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૩૦૦ | ૭૦૦ |
| વટાણા | ૩૦૦ | ૫૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૨૮૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૨ | ૪ |
| કોથમીર પુરા | ૬ | ૧૦ |
| મૂળા પુરા | ૩ | ૫ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૩૦૦ | ૪૦૦ |
| ચૂણ | ૯૦૦ | ૧૩૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૧૦૦ |
| મેથી પુરા | ૨ | ૪ |
| બીટ પુરા | ૧૦ | ૨૫ |
| સરગવો પુરા | ૧૫ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૨૨૦ | ૯૦૦ |
| વાલોર | ૬૦ | ૫૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૩૦૦ |
| આદુ | ૫૨૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૩૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૧ | ૧૫૭૮ |
| કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૯૦ |
| મગફળી જી૨૦ | ૧૦૩૫ | ૧૦૭૫ |
| મગફળી બીટી | ૯૯૦ | ૧૦૪૦ |
| ઘઉં | ૫૧૩ | ૬૬૭ |
| જીરૂ | ૩૫૯૫ | ૩૬૭૫ |
| તુવેર | ૧૨૮૧ | ૧૪૦૯ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૧૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૧ |
| સોયાબીન | ૫૦૦ | ૭૬૫ |
| તુવેર | ૧૧૩૫ | ૧૨૮૦ |
| શીંગદાણા | ૧૧૨૯ | ૧૧૨૯ |
| મગફળી | ૭૭૫ | ૭૭૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૨૨૧ |
| તલ | ૨૧૦૦ | ૨૧૦૦ |
| રાયડો | ૮૫૬ | ૮૫૬ |
| વાલ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| શીંગફાડા | ૧૧૨૯ | ૧૧૨૯ |
| અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| બાજરો | ૩૪૫ | ૩૪૫ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૨૩ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૧૦ | ૧૪૫૧ |
| ઘઉં | ૫૫૧ | ૫૬૦ |
| એરંડા | ૧૧૯૧ | ૧૧૯૧ |
| સોયાબીન | ૭૦૫ | ૭૦૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૦ |
| ઘઉં | ૫૦૦ | ૬૨૨ |
| ચણા | ૮૦૦ | ૧૦૯૧ |
| શીંગફાડા | ૭૦૧ | ૧૦૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૩૨૬ |
| સોયાબીન | ૬૦૦ | ૭૮૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૩૧ |
| જીરૂ | ૨૯૪૬ | ૩૫૦૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૨૬ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૪૨ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૭૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૧૯૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૦૦ |
| ઘઉં લોકવન | ૬૫૦ | ૭૧૦ |
| ઘઉં ટુકડા | ૬૨૧ | ૭૦૨ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૬૩ |
| તુવેર | ૧૩૫૦ | ૧૫૦૫ |
| સોયાબીન | ૬૦૦ | ૭૭૫ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૭૦ |
| બાજરો | ૫૦૦ | ૭૦૫ |
| ધાણા | ૧૬૦૦ | ૧૮૦૨ |
| એંરડી | ૧૧૫૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| જુવાર | ૭૦૦ | ૧૦૧૦ |
| તુવેરલાલ | ૧૨૫૦ | ૧૪૦૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૧૦ |
| કપાસ સી ગ્રેડ | ૮૦૦ | ૧૦૦૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી૨૦ | ૯૭૦ | ૧૦૭૧ |
| મગફળી ૩૨નં. | ૯૫૦ | ૧૦૩૪ |
| બાજરી હા. | ૪૫૦ | ૬૨૨ |
| ઘઉં | ૫૨૫ | ૬૭૬ |
| તુવેર | ૧૧૨૫ | ૧૫૧૬ |
| જુવાર | ૬૦૦ | ૧૦૪૨ |
| જા.તલ | ૨૨૦૦ | ૨૬૫૫ |
| સફેદ તલ | ૧૭૦૦ | ૨૦૩૨ |
| સોયાબીન | ૭૫૦ | ૮૦૪ |
| કપાસ | ૧૧૮૫ | ૧૪૫૦ |
| કાંગ | ૫૦૦ | ૬૭૮ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૦૫ |
| કાળા તલ | ૩૪૦૦ | ૪૭૭૦ |
| એરંડી | ૧૦૫૦ | ૧૨૦૮ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૦૦૦ | ૧૦૪૦ |
| શીંગ ૩૯ | ૯૭૦ | ૧૦૬૨ |
| શીંગ જી ૨૦ | ૧૦૨૫ | ૧૦૯૫ |
| જુવાર | ૩૬૦ | ૯૬૫ |
| બાજરી | ૪૯૫ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૭૨૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૫૮ |
| મગ | ૧૨૮૦ | ૨૧૪૯ |
| સોયાબીન | ૭૪૫ | ૭૯૮ |
| ચણા | ૧૦૫૭ | ૧૩૭૭ |
| તુવેર | ૭૦૦ | ૧૪૬૬ |
| ડુંગળી લાલ | ૨૦૦ | ૫૮૯ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૩૪૦ |
| કપાસ શંકર | ૧૨૮૯ | ૧૪૨૮ |
| નાળીયેર | ૪૬૫ | ૨૯૧૫ |
| તલ પુરબીયા | ૨૫૩૧ | ૨૬૧૨ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૧૧ | ૯૯૫ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૫૦ |
| તલ પીળા | ૨૩૦૦ | ૨૪૭૪ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| બાજરો | ૫૫૨ | ૬૧૮ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૮૧ |
| જુવાર | ૭૫૧ | ૯૮૫ |
| અડદ | ૯૫૦ | ૧૪૭૨ |
| તુવેર | ૧૨૫૦ | ૧૪૪૧ |
| ચણા | ૧૦૮૫ | ૧૧૦૯ |
| સોયાબીન | ૭૩૭ | ૭૫૩ |
| રાયડો | ૯૫૦ | ૯૮૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૪૫ |
| સોયાબીન | ૭૩૧ | ૭૩૧ |
| તુવેર | ૧૩૫૧ | ૧૩૯૬ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| જુવાર | ૮૦૦ | ૮૭૦ |
| બાજરો | ૪૧૫ | ૫૯૫ |
| ઘઉં | ૫૫૦ | ૬૬૫ |
| અડદ | ૧૨૪૫ | ૧૩૩૫ |
| તુવેર | ૧૩૭૦ | ૧૪૮૦ |
| મેથી | ૭૫૦ | ૮૨૫ |
| ચણા | ૧૧૩૫ | ૧૩૮૫ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૧૫૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૦૭૦ |
| એરંડા | ૧૧૦ | ૧૨૦૫ |
| તલ | ૧૩૯૦ | ૧૮૦૦ |
| રાયડો | ૮૫૦ | ૧૦૫૧ |
| લસણ | ૫૦૦ | ૧૩૯૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૯૦૫ |
| અજમો | ૨૧૪૦ | ૫૮૦૫ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૫૬૫ |
| મરચા સુકા | ૩૦૦ | ૩૩૫૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૭૦ |
| વટાણા | ૧૫૪૫ | ૧૭૯૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમનો મહત્વનો ચુકાદો

# ફરિયાદીના ઘર પાસે ગંદકી દૂર ન કરાતા માણેકવાડા ગ્રામપંચાયતને વળતર ચૂકવવા આદેશ

અમરેલી, તા.૧૨

તંત્ર દ્વારા સફાઈ અને લોકોના આરોગ્ય જેવા મહત્વના મુદ્દા પર ધ્યાન આપવામાં આવતું નથી અને ઘણી વખત આવી બાબતોની રજૂઆતો કરવા છતાં તેનું કોઈ યોગ્ય નિરાકરણ પણ કરવામાં આવતું નથી. આવી જ એક ફરિયાદ બગસરા તાલુકાના માણેકવાડા ગામનાં જાગૃત નાગરિક અજયભાઈ પટોળીયાએ ગ્રાહક તકરાર ફોરમ અમરેલીમાં કરી હતી. તેઓના જણાવ્યા મુજબ પોતે ગ્રામપંચાયતના વિવિધ ટેક્સ ભરે છે અને ગ્રાહક પણ છે. પોતાના ઘર પાસે ઘણા લાંબા સમયથી ગેરકાયદેસર માનવસર્જીત ગંદકીનું સામ્રાજય ઉભું કરવામાં આવ્યું છે. આ અંગે ગ્રામપંચાયત અને તાલુકા પંચાયત બગસરાને વારંવાર જાણ પણ કરેલ હતી. તેમ છતાં પણ ગ્રામપંચાયત દ્વારા ગંદકી દૂર કરવામાં આવી ન હતી. ભારતના સંવિધાન મુજબ ફરિયાદીને જીવન જીવવાના મૂળભૂત અધિકારો મળવાપાત્ર હતા. તે સામેવાળાએ કરવેરા ઉઘરાવીને સુવિધા આપી ન હોય તે માટે ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને લીગલ નોટીસ પણ આપવામાં આવેલ જેનો જવાબ ન મળતા જિલ્લા ગ્રાહક તકરાર ફોરમમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના અલગ અલગ ચુકાદાનો આધાર રાખી ગ્રાહક તકરાર ફોરમ અમરેલીએ ફરિયાદીને રૂા. ૫૫૦૦ દિવસ-૩૦માં ચુકવવા ગ્રામપંચાયત કચેરી-માણેકવાડાને હુકમ કર્યો છે.

# ગાધકડાથી વિજ્યાનગરનો માર્ગ બિસ્માર હાલતમાં : મુસાફરો પરેશાન

**ખરાબ રસ્તાના કારણે રાહદારીઓ તથા દર્દીઓને હાલાકી**



સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલા તાલુકાના ગાધકડાથી વિજયાનગર તરફ જતો રસ્તો બિસ્માર હાલતમાં હોય રાહદારીઓને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલમાં સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામેથી વિજયાનગરના માર્ગની હાલત ખૂબ જ ખરાબ છે. વાહનચાલકોને અતિ વિકટ પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે અને અવારનવાર અકસ્માત સર્જાય છે. ઘણી વખત દર્દીઓને જવામાં પણ ખરાબ રસ્તાના કારણે મોડું થાય છે. ખરાબ રસ્તાના કારણે રાહદારીઓ અકસ્માતે નીચે પડી જવાના બનાવો પણ બનવા પામ્યા છે. આ અંગે અનેક વખત રજૂઆત કરવા છતાં હજુ સુધી તેનો કોઈ ઉકેલ આવ્યો નથી. આગામી દિવસોમાં કોઈ જાનહાનિ થાય તે પહેલા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે નવો રસ્તો બનાવવા સ્થાનિક રહીશોમાંથી માંગણી ઉઠી છે.

# કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોર અમરેલી જિલ્લામાં ચૂંટણી સભાઓ ગજવશે



અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાં નગરપાલિકાની ચૂંટણી માટે ધીમે ધીમે પ્રચારનો માહોલ જામતો જાય છે અને મોટા નેતાઓ લોકોને રીઝવવા માટે ચૂંટણી પ્રચારે વળગ્યા છે. ત્યારે બનાસકાંઠાનાં સાંસદ ગેનીબેન ઠાકોર આજે અમરેલી જિલ્લાના પ્રવાસે આવશે. જેમાં બપોરે ત્રણ કલાકે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રેસ વાર્તાલાપ કરશે. ત્યારબાદ સાંજે ૬:૦૦ કલાકે ચલાલા ખાતે ચૂંટણી પ્રચાર કરશે. ત્યાંથી રાજુલા ખાતે હવેલી ચોકમાં જાહેરસભાને સંબોધશે. ત્યારબાદ સા.કુંડલા નગરપાલિકા પેટાચૂંટણી માટે પણ જેસર રોડ ખાતે ચૂંટણી સભાને સંબોધશે.

# ચલાલા નગરપાલિકાની ચૂંટણી માટે ભાજપ દ્વારા વ્યાપક પ્રચાર



અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ચલાલા નગરપાલિકાની ચૂંટણી માટે ભાજપ દ્વારા તડામાર પ્રચાર ચાલી રહ્યો છે. ભાજપના ઉમેદવારોના સમર્થનમાં સંસદ સભ્ય ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જે.વી. કાકડીયા પણ પ્રચારમાં સક્રિય થયા છે. તેઓ ચલાલા ખાતે ડોર-ટુ-ડોર પ્રચાર હાથ ધરી મતદાતાઓને ભાજપના વિકાસ એજન્ડા સાથે જોડાવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે. પ્રચાર દરમિયાન ભાજપને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. સ્થાનિકો અને મતદાતાઓ ભાજપની નીતિઓ અને વિકાસ કાર્યો પ્રત્યે હકારાત્મક અભિપ્રાય વ્યક્ત કરી રહ્યા છે. આ પ્રચાર અભિયાનમાં ભાજપના કાર્યકરો, સમર્થકો અને સ્થાનિક આગેવાનોનો ખૂબ ઉત્સાહ જોવા મળ્યો હતો. ચૂંટણી નજીક આવતાં પ્રચાર વધુ ગતિશીલ બનશે. ભાજપના ઉમેદવારોની લોકપ્રિયતા સતત વધતી જાય છે.

# નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને વિજયી બનાવવા દિલીપ સંઘાણીની અપીલ



અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લાની રાજુલા, જાફરાબાદ, ચલાલા, લાઠી નગરપાલિકા તેમજ અમરેલી શહેરના વોર્ડ નં. ૫ અને ૭ની પેટાચૂંટણીઓમાં ભાજપને વિજયી બનાવવા રાષ્ટ્રિય સહકારી અગ્રણી-પૂર્વમંત્રી દિલીપભાઈ સંઘાણીએ અપીલ કરી છે. સંઘાણીએ વધુમાં જણાવેલ કે, ગુજરાત ભાજપ સરકાર શહેરી વિકાસ અને સુવિધાઓ માટે કાર્યરત છે, પાલિકાના વિકાસને આગળ લઈ જવા ભાજપ સરકારની શહેરી વિકાસ યોજનામાં સહયોગી બનવું જરૂરી હોવાથી આ ચૂંટણીઓમાં ભાજપના ઉમેદવારોને વિજયી બનાવવા જોઈએ.

# વીજ પ્રશ્ને રાજુલાના ખેડૂતોનું આવેદન, આંદોલનની ચીમકી

**લો વોલ્ટેજ અને વારંવાર ટ્રિપિંગથી ખેડૂતો પરેશાન**



રાજુલા, તા.૧૨

રાજુલા તાલુકાના નેસડી નંબર ૨ અને વાવડી ગામના ખેડૂતોએ વીજ પ્રશ્ને PGVCLકચેરીના નાયબ ઈજનેર અને ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને આવેદનપત્ર પાઠવ્યું હતું. ઉમિયા અને નવરંગ ફીડર મારફતે આ વિસ્તારમાં વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. છેલ્લા એક માસથી બંને ફીડરમાં લો વોલ્ટેજની સમસ્યા સર્જાઈ છે અને દર ૧૦ મિનિટે ટ્રિપિંગ થાય છે. થ્રી ફેઝ પાવરના સમયે મોટરો બળી જવાની ઘટનાઓ બની રહી છે, જેના કારણે ખેડૂતોને આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, તાજેતરના વાવાઝોડા બાદ જર્જરિત સામાન વાપરીને લાઈનનું મરામત કાર્ય કરવામાં આવ્યું છે. વારંવાર ફરિયાદો છતાં અધિકારીઓ યોગ્ય ધ્યાન આપતા નથી અને પરિસ્થિતિ વણસી રહી છે. ફોન પર કરવામાં આવતી ફરિયાદોનો પણ સંતોષકારક પ્રતિસાદ મળતો નથી. આવેદનપત્રમાં ખેડૂતોએ ચેતવણી આપી છે કે જો તંત્ર દ્વારા યોગ્ય પગલાં નહીં લેવામાં આવે તો તેઓ ઉપવાસ આંદોલન શરૂ કરશે.

# મતીરાળા પાસે ૬૦ કિલો ગૌમાંસ સાથે ઝડપાયેલ બંને આરોપીઓને ૩ વર્ષની સજા

**ચંદ્રેશ બી. મહેતાની ધારદાર દલીલોને આધારે ચુકાદો કાયમ રહ્યો**

અમરેલી, તા.૧૨

૧૦ વર્ષ પહેલા લાઠી તાલુકાના મતીરાળા ગામે હાઈસ્કૂલ સામે બે મોટરસાઈકલના અકસ્માતમાં બે આરોપીઓ પાસેથી ૬૦ કિલો જેટલું ગૌમાંસ મળી આવ્યું હતું. બંને ઈસમો મોહસીનભાઈ હાજીભાઈ બાવનકા તથા સીકંદરભાઈ રફીકભાઈ બાવનકાને આ માંસ બાબતે પુછતા પોતે ગામડામાં વેચવા લઈ જતા હોવાનું જણાવેલ હોય જે બાબતે સલીમભાઈ હબીબભાઈ શેખ દ્વારા વિગતવારની ફરિયાદ આપવામાં આવેલ હતી. તે કેસ લાઠી કોર્ટમાં ચાલી જતા આરોપીને સજા થઈ હતી. આરોપીઓએ સજા સામે અપીલ કરતાં અમરેલીના ચોથા એડી.સેશન્સ જજ શ્રીવાસ્તવની કોર્ટમાં ચાલી જતા સ્પેશ્યલ પી. પી. ચંદ્રેશ બી. મહેતાની ધારદાર દલીલોના આધારે એડી.સેશન્સ કોર્ટે બંને આરોપીઓને ત્રણ વર્ષની સજા તથા રૂપિયા બે હજારનો દંડ કાયમ રાખેલ છે.

# અવસાન નોંધ

**સાવરકુંડલા**

ધનગૌરીબેન કૌશિકભાઈ ભટ્ટ (ઉ.વ.૯૦)નું તા.૧૦ના રોજ અવસાન થયેલ છે. તે જિતેન્દ્રભાઈ કૌશિકભાઈ ભટ્ટ, જગદીશભાઈ કૌશિકભાઈ ભટ્ટ, હિંમતભાઈ કૌશિકભાઈ ભટ્ટના માતુશ્રી થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૧૩ના રોજ સવારે ૯ થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાન શિવશક્તિ સોસાયટી હાથસણી રોડ બ્લોક નં.૫૦ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

લીલાબેન બાબુભાઈ મકવાણા (ઉ.વ.૮૬)નું તા.૮ના રોજ અવસાન થયેલ છે. તે રંજનબેન વિનોદભાઈ ડોડીયા, નિર્મળાબેન અરવિંદભાઈ પરમારના માતુશ્રી થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૧૩ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે "ઓમ" મધુવન સોસાયટી સરદારભવન પાસે પિકઅપ બસ સ્ટેન્ડ જેસર રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

શાંતાબેન દુર્લભજીભાઈ મુંજાણી (ઉ.વ.૮૪)નું તા.૧૧ના રોજ અવસાન થયેલ છે. તે મુકેશભાઈ દુર્લભજીભાઈ મુંજાણીના માતુશ્રી થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૧૩ના રોજ ૪ થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાન જલારામ સોસાયટી જેસર રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

પરસોતમભાઈ નારાયણભાઈ ગાજીપરાનું તા.૧૧ના રોજ અવસાન થયેલ છે. તે મધુભાઈ નારાયણભાઈ ગાજીપરા, કાળુભાઈ નારાયણભાઈ ગાજીપરા, હિંમતભાઈ નારાયણભાઈ ગાજીપરા, રતિભાઈ નારાયણભાઈ ગાજીપરાના ભાઈ થાય છે. તેમનું સદગતનું બેસણું તા.૧૩ના સવારે ૯ થી ૬ કલાકે ૧૨૯ નિર્દોષાનંદ વાટિકા મહુવા રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**બગસરા**

સ્વ. પ્રભુદાસભાઈ વિરજીભાઈ ધોળકીયાનું (ઉ.વ.૧૦૩) નું તા.૧૦/૦૨/૨૫ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે જયસુખભાઈ, હસમુખભાઈ, જયેશભાઈ તથા રેખાબેન જગદીશભાઈ વખારીયાના પિતા, ગોકળદાસ નરસીદાસ ભુપતાણી તથા નટવરલાલ શામળજી ભુપતાણી અને સ્વ.નટવરલાલ જમનાદાસ ગોરસીયાના બનેવી તથા હિંમતલાલ અને મનસુખભાઈ દામોદર મુંજીયાસરાના વેવાઈ તથા કૃણાલ, ચીંતનભાઈ તથા અંકીના દાદા છે. તેમની સાદડી તા.૧૭/૦૨/૨૦૨૫ને સોમવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે રાખવામાં આવેલ છે.

## :: હોડીના કોલમાં તથા લાઈસન્સમાં નામ સુધારા જાહેર પ્રસિધ્ધિ ::

### સોગંદનામું

આથી હું નીચે સહી **ડાલકી બાબુભાઇ હરજીભાઇ**,ઉ.વ.આ.૪૨,ધંધો.મચ્છીમારી,રહે.મુળદ્વારકા, તા.કોડીનાર,જી.ગીર સોમનાથ વાળા મારા સત્ય ધર્મના સોગંદ ઉપર જાહેર કરૂ છુ કે.........

અમો સોગંદકર્તાની હોડીનું નામ પુજા સાગર-૧ છે. જેના રજી. નં. **IND-GJ-32-MO-5342 AND DATE 23-08-2021** અને મારા લાઈસન્સ નં. **GJ-L-95362DATE:-01/10/2021** આમ મારા લાઈસન્સ તથા હોડીના કોલમાં અમો સોગંદકર્તાનું નામ બાબુ હરી ડાલકી લખાયેલ છે.અમો અભણ અને અજ્ઞાન વ્યકિત હોય.અને મારા બીજા તમામ ડોકયુમેન્ટ જેવા કે,આધારકાર્ડ,રેશનકાર્ડ ચુટણીકાર્ડ,બેંકપાસ બુક વિગેરે જેવા તમામ ડોકયુંમેન્ટ માં અમો સોગંદકર્તાનું ડાલકી બાબુભાઈ હરજીભાઈલખાયેલ છે.હકીકત અમો સોગંદકર્તાનું નામ ડાલકી બાબુભાઈ હરજીભાઈછે.

અમો આ સોગંદનામાનો ઉપયોગ અમોને અમોની હોડીના લાઈસન્સ રીન્યુ કરવા માટે રજુ કરવાનું હોય પરંતુ અમો સોગંદકર્તાનું હકીકતમાં નામ ડાલકી બાબુભાઇ હરજીભાઇછે. પરંતુ અમો સોગંદકર્તાનની હોડીના કોલ તથા લાઈસન્સમાં શરતચુકથી મારૂ નામ બાબુ હરી ડાલકી લખાયેલ છે.જેથી મારા હોડીના કોલમાં તથા લાઈસન્સમાં નામ સુધારવા માટે આ સોગંદનામું કરવાની ફરજ પડેલ છે.આ સોગંદનામું મારે ફીશરીઝ ઓફીસ વેરાવળ ખાતે રજુ કરવાનું થતું હોય.આ ખોટું સોગંદનામું કરવું તે ફોજદારી ગુન્હો બને છે.તેની મને જાણ અને સમજ છે.



સ્થળ.કોડીનાર
તા.૧૨/૦૨/૨૦૨૫

સહિ
સોગંદકર્તાની સહી

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૯૮/૨૦૨૪ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. વડેચા ભરતભાઈ બાવચંદભાઈ
રહે. ભુવા તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી ભુવા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **વડેચા જીગર ભરતભાઇનો જન્મ તા.૧૦/૦૨/૨૦૨૧** ના રોજ મુ. ભુવા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૪૮/૨૦૨૪ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. ભરતભાઈ જીલુભાઈ પિલુકીયા
રહે. વિજપડી તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી વિજપડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **ધાર્મિક ભરતભાઇ પિલુકિયાનો જન્મ તા.૧૨/૦૨/૨૦૧૮** ના રોજ મુ. વિજપડી, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૬૫/૨૦૨૪ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧.કિશોરભાઈ પરશોતમભાઈ જયાણી
રહે. કલ્યાણપરા, ગાધડકા તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી ગાધડકા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **દક્ષકુમાર કિશોરભાઇ જયાણીનો જન્મ તા.૨૮/૦૮/૨૦૦૭** ના રોજ મુ. ગાધડકા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૯૭/૨૦૨૪ તા.૧૦/૦૨/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. રમેશભાઈ રામજીભાઈ સાવજ
રહે. પુણાગામ, પુ/પા નગર, માનસરોવર સ્કુલની બાજુમા, સુરત

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી નાના ભમોદ્રા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી **રમેશભાઇ રામજીભાઇ સાવજનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૪** ના રોજ મુ. નાના ભમોદ્રા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

## છૂટક ફુગાવામાં ઘટાડો, આરબીઆઈ દ્વારા ફરી એક વખત પોલિસી રેટમાં ઘટાડો થવાની શક્યતા

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૨

જાન્યુઆરીમાં છૂટક ફુગાવો ઘટીને ૪.૩૧ ટકા થયો, જે ડિસેમ્બરમાં ૫.૨૨ ટકા હતો. બુધવારે સરકાર દ્વારા નવીનતમ આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. બુધવારે જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, ગ્રાહક ભાવ સૂચકાંક આધારિત છૂટક ફુગાવો ડિસેમ્બરમાં ૫.૨૨ ટકા અને જાન્યુઆરી ૨૦૨૪માં ૫.૧ ટકા હતો. ખાદ્ય પદાર્થોનો ફુગાવો







ડિસેમ્બરમાં ૮.૩૯ ટકા અને એક વર્ષ અગાઉના સમાન મહિનામાં ૮.૩ ટકાથી ઘટીને ૬.૦૨ ટકા રહ્યો છે.

જાન્યુઆરીમાં છૂટક ફુગાવામાં ઘટાડો થવાથી આરબીઆઈ દ્વારા ફરી એક વખત પોલિસી રેટમાં ઘટાડો થવાની શક્યતા વધી ગઈ છે, જેણે ફેબ્રુઆરીમાં લગભગ પાંચ વર્ષમાં પહેલી વાર તેના મુખ્ય પોલિસી રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને ૬.૨૫% કર્યો હતો. તેનો ઉદ્દેશ્ય અર્થતંત્રને વેગ આપવાનો હતો, જે ચાર વર્ષમાં સૌથી ધીમી ગતિએ વૃદ્ધિ પામશે તેવી અપેક્ષા છે. તમને જણાવી દઈએ કે, ઓક્ટોબરમાં ભારતનો છૂટક ફુગાવો ૧૪ મહિનાના ઉચ્ચતમ સ્તર ૬.૨% પર પહોંચી ગયો હતો. આ સમયગાળા દરમિયાન, ખાદ્ય ફુગાવાનો દર ૧૫ મહિનાની ટોચે ૧૦.૯% પર પહોંચ્યો હતો.

## સુપ્રીમ કોર્ટે મફત યોજના પર નારાજગી વ્યક્ત કરી, આ જ કારણ છે કે લોકો કામ કરવા માંગતા નથી

નવીદિલ્હી,તા.૧૨

ચૂંટણી પહેલા રાજકીય પક્ષો દ્વારા મફત ભેટોની જાહેરાત પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. કોર્ટે કહ્યું કે લોકો કામ કરવા માંગતા નથી કારણ કે તેમને મફત રાશન અને પૈસા મળી રહ્યા છે. જસ્ટિસ ગવઈએ કહ્યું કે મફત રાશન અને પૈસા આપવાને બદલે, આવા લોકોને સમાજના મુખ્ય પ્રવાહનો ભાગ બનાવવાનું વધુ સારું રહેશે જેથી તેઓ દેશના વિકાસમાં યોગદાન આપી શકે. શહેરી



વિસ્તારોમાં બેઘર લોકો માટે આશ્રય સંબંધિત કેસની સુનાવણી કરતી વખતે જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જની બેન્ચે આ ટિપ્પણી કરી હતી. સુનાવણી દરમિયાન, એટર્ની જનરલ આર વેંકટરામણીએ જણાવ્યું હતું કે સરકાર શહેરી ગરીબી નાબૂદી કાર્યક્રમને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયામાં છે જે ગરીબ શહેરી બેઘર લોકોને આવાસ પૂરા પાડવામાં મદદ કરશે અને અન્ય મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. સુપ્રીમ કોર્ટે એટર્ની જનરલને સરકાર પાસેથી સૂચનાઓ લેવા અને આ કાર્યક્રમ ક્યારે લાગુ કરવામાં આવશે તે જણાવવા કહ્યું. કોર્ટ ૬ અઠવાડિયા પછી કેસની વધુ સુનાવણી કરશે. તમને જણાવી દઈએ કે આ પહેલી વાર નથી જ્યારે સુપ્રીમ કોર્ટે મફત યોજનાઓ પર કેન્દ્રને ઘેર્યું હોય. ગયા વર્ષે, કોર્ટે કેન્દ્ર અને ચૂંટણી પંચને પૂછ્યું હતું કે રાજકીય પક્ષો હંમેશા ચૂંટણી પહેલા મફત યોજનાઓની જાહેરાત કેમ કરે છે. રાજકીય પક્ષો વધુ મત મેળવવા માટે મફત યોજનાઓ પર આધાર રાખે છે અને તેનું ઉદાહરણ તાજેતરમાં યોજાયેલી દિલ્હી ચૂંટણીમાં પણ જોવા મળ્યું.

## રામ મંદિરના મુખ્ય પૂજારી મહંત સત્યેન્દ્ર દાસનું ૮૭ વર્ષે નિધન

(એચ.એસ.એલ),લખનૌ,તા.૧૨

શ્રી રામ જન્મભૂમિના મુખ્ય પૂજારી મહંત સત્યેન્દ્ર દાસનું ૧૨ ફેબ્રુઆરી, બુધવારના રોજ અવસાન થયું. ૮૭ વર્ષીય સત્યેન્દ્ર દાસને રવિવારે 'બ્રેઈન સ્ટ્રોક'ના કારણે તબિયત લથડતાં લખનૌના એસજીપીજીઆઈમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર પણ હતું. હોસ્પિટલ દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદીમાં કહેવામાં આવ્યું છે કે અયોધ્યા



રામ મંદિરના મુખ્ય પૂજારી સત્યેન્દ્ર દાસજીએ આજે અંતિમ શ્વાસ લીધા હતા. ૩ ફેબ્રુઆરીના રોજ સ્ટ્રોક આવ્યા બાદ તેમને ગંભીર હાલતમાં ન્યુરોલોજી વોર્ડના એચડીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## સીબીઆઈની કાર્યવાહી, ભ્રષ્ટાચારના કેસમાં દિલ્હી પરિવહન વિભાગના ૬ અધિકારીઓની ધરપકડ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૨

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીઓ પૂર્ણ થતાં જ ભ્રષ્ટાચાર સામે કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશને ભ્રષ્ટાચારના કેસમાં દિલ્હી પરિવહન વિભાગના ૬ અધિકારીઓની ધરપકડ કરી હતી. ચૂંટણી પછી રાષ્ટ્રીય રાજધાનીમાં આ પહેલી મોટી કાર્યવાહી છે.

ભ્રષ્ટાચાર અને લાંચના




આરોપસર સીબીઆઈએ પરિવહન વિભાગના ૬ અધિકારીઓની ધરપકડ કરી છે. અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું કે તાજેતરની ચૂંટણીમાં સત્તાધારી આમ આદમી પાર્ટીની હાર બાદ રાજધાનીમાં આ પહેલી મોટી કાર્યવાહી છે.

તેમણે કહ્યું કે એજન્સીને પરિવહન વિભાગમાં ભ્રષ્ટાચાર અંગે સતત ઘણી ફરિયાદો મળી રહી હતી. ધરપકડ પહેલાં ફરિયાદોનું નિરીક્ષણ અને ચકાસણી કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે ફરિયાદોની ચકાસણી દરમિયાન, પ્રથમ દ્રષ્ટિએ ઘણા સ્તરે મોટા પાયે ભ્રષ્ટાચારના સંકેતો મળ્યા હતા, જેના પછી આ અધિકારીઓની ધરપકડ કરવામાં આવી હતી.

આમ આદમી પાર્ટી છેલ્લા ૧૦ વર્ષથી દિલ્હીમાં સત્તામાં હતી. જોકે, આમ આદમી પાર્ટીની સરકારના કાર્યકાળ દરમિયાન ભ્રષ્ટાચાર સંબંધિત ઘણા કેસ પ્રકાશમાં આવ્યા હતા.

## મુખ્યમંત્રી નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમાર રાજકારણમાં પ્રવેશતા વિરોધ

(એચ.એસ.એલ), પટણા,તા.૧૨

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમારના રાજકારણમાં પ્રવેશ સામે પટનામાં વિરોધ પોસ્ટર લગાવવામાં આવ્યા છે. કોંગ્રેસના કાર્યકર રવિ ગોલ્ડન કુમારે ભાજપ કાર્યાલયની બહાર આ પોસ્ટરો લગાવ્યા છે. આ પોસ્ટર ૨૦૨૫ ની વિધાનસભા ચૂંટણીમાં નિશાંત હરનૌત બેઠક પરથી ચૂંટણી લડશે તેવી અટકળોનો વિરોધ કરે છે. રવિ ગોલ્ડને પોતાને પ્રજાનો પુત્ર અને નિશાંતને રાજાનો પુત્ર ગણાવ્યો છે. તેમણે પડકાર ફેંક્યો છે કે જો નિશાંત ચૂંટણી લડશે તો તેમને હારનો સામનો કરવો પડશે. મુખ્યમંત્રી નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમાર ભલે હાલમાં સક્રિય રાજકારણમાં ન હોય, પરંતુ તેમના નામની ચર્ચા શરૂ થઈ ગઈ છે. પટનામાં લગાવવામાં આવેલા પોસ્ટરોએ આ ચર્ચાને વધુ વેગ આપ્યો છે. પોસ્ટરમાં સ્પષ્ટપણે નિશાંત ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણીમાં હરનૌતથી ચૂંટણી લડશે તેવી આગાહી કરવામાં આવી છે અને તેનો વિરોધ કરવામાં આવ્યો છે.

## કોંગોમાં સશસ્ત્ર જૂથના હુમલામાં ૫૫ નાગરિકોના મૃત્યુ, ૫૦૦થી વધુ ઘાયલ

(એચ.એસ.એલ),કોંગો,તા.૧૨

કોંગોમાં દાયકાઓથી સંઘર્ષ ચાલી રહ્યો છે. પૂર્વીય ભાગમાં હિંસા વધી છે. આ પ્રદેશમાં ૧૨૦ થી વધુ સશસ્ત્ર જૂથો સંઘર્ષમાં સામેલ છે, જેમાંથી મોટાભાગના કિંમતી ખનીજો માટે જમીન અને ખાણોના નિયંત્રણ માટે લડી રહ્યા છે. જ્યારે કેટલાક પોતાના સમુદાયોનું રક્ષણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.



સશસ્ત્ર જૂથ સીઓડીઈસીઓના લડવૈયાઓએ ઈટુરી પ્રાંતના જૈબા ગામ પર હુમલો કર્યો. તે વિસ્થાપિત લોકોનું ઘર પણ છે. કેમ્પ લીડર એન્ટોનેટ નઝાલેએ એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે હુમલામાં ૫૫ નાગરિકો માર્યા ગયા હતા. તેમણે કહ્યું કે આગથી ઘણા ઘરો નાશ પામ્યા હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. મૃતદેહોની શોધખોળ ચાલુ છે.

કોડેકો એ કોંગોના લેન્દુ સમુદાયના ખેડૂતોના સશસ્ત્ર જૂથોનું કામચલાઉ જોડાણ છે. આફ્રિકન ટેરરિઝમ રિસર્ચ સેન્ટરે અહેવાલ આપ્યો છે કે ૨૦૨૨ સુધીમાં, જૂથ દ્વારા કરવામાં આવેલા હુમલાઓમાં લગભગ ૧,૮૦૦ લોકો માર્યા ગયા હતા અને ૫૦૦ થી વધુ ઘાયલ થયા હતા. સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું કે કેટલાક હુમલાઓ યુદ્ધ ગુનાઓ અને માનવતા વિરુદ્ધના ગુનાઓ સમાન હોઈ શકે છે. નજાલેએ કહ્યું કે, લગભગ આખા ગામ પર હુમલો થયો હતો.

## જગદગુરુ શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા કરી માંગણી

પ્રયાગરાજ, તા.૧૨

જ્યોતિષ પીઠના જગદગુરુ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કેન્દ્ર સરકાર પાસે એક મોટી માંગ કરી છે. સ્વામી અવિમુક્તેશ્વરાનંદે દેશમાં ગૌહત્યા પર પ્રતિબંધ મૂકવાની અને ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવાની માંગ કરી છે. તેમણે આ માટે કેન્દ્ર સરકારને ૩૩ દિવસનો સમય આપ્યો છે. મહાકુંભના સેક્ટર ૧૯ માં આવેલા



શંકરાચાર્ય શિબિરમાં જગદગુરુ શંકરાચાર્યએ આ વાત કહી. જ્યોતિષ પીઠના જગદગુરુ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું, "શાસ્ત્રોમાં ઉલ્લેખ છે કે ગાયના શરીરમાં ૩૩ કરોડ દેવી-દેવતાઓનો વાસ છે. અમે છેલ્લા દોઢ વર્ષથી ગાય માતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા માટે આંદોલન ચલાવી રહ્યા છીએ. હવે અમે નક્કી કર્યું છે કે માઘી પૂર્ણિમાના બીજા દિવસ (ગુરુવાર) થી અમે ૩૩ દિવસની પદયાત્રા કરીશું."

સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું છે કે તેમની ૩૩ દિવસની પદયાત્રા ૧૭ માર્ચે દિલ્હી પહોંચીને પૂર્ણ થશે. અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે કેન્દ્ર સરકાર પાસે ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવાનો નિર્ણય લેવા માટે ૩૩ દિવસનો સમય છે. અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે જો કેન્દ્ર સરકાર આ ૩૩ દિવસમાં કોઈ નિર્ણય નહીં લે તો અમે ૧૭ માર્ચે સાંજે ૫ વાગ્યા પછી કડક નિર્ણય લઈશું.

## ઘરફોડ ચોરીનાં ૨૯ ગુન્હામાં સંડોવાયેલ ગેંગને અમરેલી એલસીબી પોલીસે ઝડપી

અમરેલી, તા.૧૨

અમરેલી એલસીબી પોલીસની ટીમે ચોક્કસ બાતમી તેમજ ટેકનીકલ સોર્સનાં આધારે ઘરફોડ ચોરીમાં સંડોવાયેલા ત્રણ શકમંદ ઈસમોને પકડી પાડી તેની પુછપરછ કરતાં અમરેલી સહિત સૌરાષ્ટ્રમાં કુલ ૧૬ ઘરફોડ ચોરી કરેલ હોવાની કબુલાત કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી રૂા. ૪,૬૬,૭૨૦/-નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો.



પકડાયેલ આરોપી રણજીત ઉર્ફે બોડીયો પરમાર, ભરત ઉર્ફે પથુ વાઘેલા, વરજાંગ પરમારની આગવી ઢબે પુછપરછ કરતાં આરોપીઓએ જુદા જુદા વિસ્તારમાં આચરેલ ૧૬ થી વધુ ગુનાની કબુલાત આપી હતી. જયારે રણજીત ઉર્ફે રાજેશ બોડીયાએ ૨૯ ગુન્હા કર્યાની કબુલાત કરી હતી.

## ૧૯૮૪ના શીખ રમખાણોમાં કોંગ્રેસ નેતા સજ્જન કુમાર દોષિત, ૧૮ ફેબ્રુઆરીએ સજા પર સુનાવણી

નવીદિલ્હી,તા.૧૨

૧૯૮૪ના શીખ રમખાણો કેસમાં દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે કોંગ્રેસના નેતા સજ્જન કુમારને દોષિત ઠેરવ્યા છે. હવે સજા પર ચર્ચા ૧૮ ફેબ્રુઆરીએ થશે. ૧૯૮૪માં શીખ વિરોધી રમખાણો દરમિયાન સરસ્વતી વિહારમાં બે શીખોની હત્યાના કેસમાં રાઉઝ એવન્યુ કોર્ટે સજ્જન કુમારને દોષિત ઠેરવ્યા હતા. સ્પેશિયલ જજ કાવેરી બાવેજાએ સજ્જન કુમારને દોષિત ઠેરવ્યા અને સજા પર દલીલો માટે ૧૮ ફેબ્રુઆરીની તારીખ નક્કી કરી. સજા સંભળાવવા માટે સજ્જન કુમારને તિહાર જેલમાંથી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ હત્યા કેસમાં, પંજાબી બાગ પોલીસ સ્ટેશને શરૂઆતમાં કેસ નોંધ્યો હતો, પરંતુ બાદમાં એક વિશેષ તપાસ ટીમે તપાસ હાથ ધરી હતી. ૧૬ ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ, કોર્ટે આ કેસમાં કુમાર વિરુદ્ધ આરોપો ઘડ્યા હતા અને તેમની સામે 'પ્રાથમિક દ્રષ્ટિએ' કેસ હોવાનું જણાયું હતું.

## નાણામંત્રી દ્વારા જાહેર કરાયેલ નવું આવકવેરા બિલ લોકસભામાં આજે રજૂ કરાશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૨

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા જાહેર કરાયેલ નવું આવકવેરા બિલ (નવું આવકવેરા બિલ ૨૦૨૫) આવતીકાલે ગુરુવારે લોકસભામાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. આ પહેલા, ૧ ફેબ્રુઆરીના રોજ તેમના બજેટ ભાષણ દરમિયાન, નિર્મલા સીતારમણે નવું આવકવેરા બિલ લાવવાની



વાત કરી હતી. બિલ રજૂ કર્યા પછી, તેને વિગતવાર ચર્ચા માટે લોકસભાની પસંદગી સમિતિને મોકલવામાં આવશે. બિલની એક નકલ લોકસભાના સભ્યોને મોકલવામાં આવી છે. ગયા અઠવાડિયે શુક્રવારે, મોદી કેબિનેટની બેઠકમાં નવા આવકવેરા બિલને મંજૂરી આપવામાં આવી હતી. સીતારમણ આ બિલ રજૂ કરશે. એવું માનવામાં આવે છે કે આ બિલ કાયદો બન્યા પછી, આવકવેરા રિટર્ન ભરવાનું વધુ સરળ બનશે.

## 'હું હવે ક્યારેય રાજકારણમાં જોડાઈશ નહી' : ફિલ્મ અભિનેતા ચિરંજીવી

(એચ.એસ.એલ),હૈદરાબાદ,તા.૧૨

ચિરંજીવીએ રાજકારણમાં પાછા ફરવા વિશે એક રસપ્રદ વાત કહી. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે હવે તેઓ ક્યારેય રાજકારણમાં પ્રવેશ કરશે નહીં. તેમણે રાજકારણમાં પ્રવેશવાના પરિણામે તેમના જીવનમાં આવેલા ફેરફારો વિશે વાત કરી. ચિરંજીવીએ કહ્યું, હું ફરી ક્યારેય રાજકારણમાં જોડાઈશ નહીં. પવન કલ્યાણ મારી આશાઓ અને આકાંક્ષાઓ



પૂરી કરવા અને જનતાની સેવા કરવા માટે છે. હવે હું ફિલ્મ ઉદ્યોગને સંપૂર્ણપણે સમર્પિત રહીશ. તાજેતરમાં હું ઘણા મોટા રાજકારણીઓને મળી રહ્યો છું અને ઘણા લોકો શંકા વ્યક્ત કરી રહ્યા છે. એવું કંઈ નથી. હું કોઈ રાજકીય પગલું ભરી રહ્યો નથી. હું ફિલ્મ ઉદ્યોગમાં જ રહીશ.

ચિરંજીવીએ પીએમ મોદી સાથે મકરસંક્રાંતિની ઉજવણી કરી, ગાયિકા સુનિતાએ પોતાના સુરીલા અવાજથી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા, જુઓ વીડિયો

ચિરંજીવીએ કહ્યું કે રાજકારણમાં આવ્યા પછી મને ખૂબ દબાણ લાગ્યું. મારી સાથે વાત કરનારાઓને હું ઠપકો આપતો અને તેઓ કંઈ કહેતા નહીં. હું ખૂબ ગંભીર અનુભવી રહ્યો હતો. એક દિવસ સુરેખા (પત્ની) એ પૂછ્યું, 'તમે હસવાનું કેમ બંધ કરી દીધું?' મને એવું લાગ્યું કે મારી પાસેથી રમૂજની ભાવના છીનવાઈ ગઈ છે. પરંતુ રાજકારણમાંથી ફિલ્મોમાં પાછા ફર્યા પછી, મારામાં રમૂજ અને મજા પાછી આવી ગઈ.

## ૧૩ વર્ષ બાદ ટીમ ઈન્ડીયાએ ઈંગ્લેન્ડ સામે ક્લીનસ્વીપ કર્યું : વન-ડે શ્રેણી ૩-૦થી જીતી

અમદાવાદ, તા.૧૨

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની વન-ડે શ્રેણીમાં ઈંગ્લેન્ડને ૩-૦ થી હરાવી ભારતે ક્લીન સ્વીપ કર્યું છે. અમદાવાદ ખાતે રમાયેલ મેચમાં ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બોલીંગ પસંદ કરી હતી. ભારતની પ્રથમ વિકેટ ભારત તરફથી રોહિત શર્મા ફક્ત ૧ રન બનાવી આઉટ થયો હતો. ત્યારબાદ વિરાટ કોહલી અને શુભમન ગિલે ૧૧૬ રનની



ભાગીદારી નોંધાવી હતી. અને કોહલી ૫૨ રન બનાવી આઉટ થયો હતો. શ્રેયસ અય્યરે ઝડપી ૭૮ રન બનાવ્યા હતા. જયારે ઉપકપ્તાન શુભમન ગિલે શાનદાર ૧૧૨ રન ફટકાર્યા હતા. ભારતે ૫૦ ઓવરમાં ૩૫૬ રન નોંધાવ્યાં હતા. ઈંગ્લેન્ડ તરફથી આદિલ રસીદે ૪ વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડની શરૂઆત વિસ્ફોટક રહી હતી અને પ્રથમ ૬ ઓવરમાં વિના વિકેટે ૬૦ રન ફટકાર્યા હતા. ત્યારબાદ ઈંગ્લેન્ડે નિયમિત અંતરે વિકેટ ગુમાવતા ૨૧૪ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. અને ભારતનો ૧૪૨ રને વિજય થયો હતો. ભારત તરફથી અર્શદિપસિંહ, હર્ષિત રાણા, અક્ષર પટેલ અને હાર્દિક પંડયાએ બે-બે વિકેટ ઝડપી હતી.

# કુંભમાંથી પરત ફરતા ગુજરાતના યાત્રિકોની બસ પલટી: ૨૭ મુસાફરો ઈજાગ્રસ્ત

અમદાવાદ, તા.૧૨

અમદાવાદથી પ્રયાગરાજ મહાકુંભમાં ગયેલા અને ત્યાંથી પરત ફરી રહેલા ગુજરાતના યાત્રિકોને રાજસ્થાનમાં અકસ્માત નડ્યો છે. રાજસ્થાનના રાજસમંદ નજીક બસની બ્રેક ફેલ થતા પલટી ખાઈ ગઈ હતી. બસમાં સવાર ગોતામાં આવેલા અંબિકા દાલવડાના માલિકના દસ વર્ષીય પુત્રનો હાથ કપાયો છે. જ્યારે અન્ય ૨૭ લોકો ઘાયલ થતા તેઓને રાજસંમદ રિફર કરવામાં આવ્યા છે. અમદાવાદમાં રહેતા અને ગોતા વિસ્તારમાં શ્રી અંબિકા દાલવડા નામે દુકાન ધરાવતા અમિતભાઈ ચંદેલ અને તેમના પરિવારજનો બસમાં પ્રયાગરાજ કુંભમેળામાં ગયા હતા. બસમાં સવાર તમામ ૪૮ યાત્રિકો તેના પૈતૃક ગામ પાલીના કોસેલાવ જઈ રહ્યા હતા. અકસ્માત સમયે તમામ લોકો ઊંઘી રહ્યા હતા. અચાનક બસ પલટી જતાં તમામે બૂમાબૂમ કરી મૂકી હતી. પોલીસના જણાવ્યા મુજબ, ચંદેલ પરિવારના પૈતૃક ગામથી ૪૦ કિમી દૂર જ્યારે બસ હતી ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. આ વિસ્તારમાં આ પહેલા પણ અકસ્માત થઈ ચૂક્યા છે.



# ગુજરાત સરકારે ગેરકાયદેસર રહેતા ૧૫ બાંગ્લાદેશીઓને ડિપોર્ટ કર્યા : ગૃહમંત્રી હર્ષ સંઘવી

ગાંધીનગર,તા.૧૨

ગુજરાત સરકારે કોમ્બિંગ ઓપરેશન દરમિયાન ૫૦ ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સની અટકાયત કરી છે. જેમાંથી ૧૫ ઈમિગ્રન્ટ્સ અને એક બાળકને સફળતાપૂર્વક બાંગ્લાદેશમાં ડિપોર્ટ કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે, થોડા દિવસ પહેલા અમેરિકાએ પણ ગુજરાતીઓ સહિત ભારતીયોને ડિપોર્ટ કર્યા હતા. જેની ચર્ચા આખા દેશમાં ચાલી હતી. તો હવે ગુજરાત સરકારે રાજ્યમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓને ડિપોર્ટ કર્યા છે. આ અંગેની માહિતી રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આપી છે. હર્ષ સંઘવીએ એક્સ પર ટ્વિટ કરીને માહિતી આપી છે કે, ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ માટે નકલી ભારતીય દસ્તાવેજો બનાવતા રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાનું સુકાન સંભાળતાની સાથે જ અમેરિકામાં ગેરકાયદેસર પ્રવેશેલા ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. આ ભારતીયોને લઈને યુએસ આર્મીનું વિમાન પંજાબના અમૃતસર પહોંચ્યુ હતું ત્યાંથી ૩૩ ગુજરાતીને ખાસ વિમાનમાં અમદાવાદ એરપોર્ટ પર લાવવામાં આવ્યા હતા.



# રાજકોટમાં યુવતીની અન્ય યુવક સાથે સગાઈ થતાં પ્રેમીએ જાહેરમાં છરીના પાંચેક ઘા માર્યા

રાજકોટ, તા.૧૨

પ્રેમમાં નિષ્ફળતા મળતા રાજકોટમાં લોહિયાળ જંગ ખેલાયો હોવાની ઘટના સામે આવી છે. શહેરના કુવાડવા રોડ સાત હનુમાન પાસે રંગીલા સોસાયટીમાં રહેતાં ૩૫ વર્ષના યુવાનને હુડકો ચોકડી નજીક રહેતી ૨૩ વર્ષની યુવતી સાથે ૧૦ વર્ષથી પ્રેમસંબંધ હતો. જોકે, પ્રેમિકાની સગાઈ નક્કી થઈ જતાં તેને ન ગમતાં સવારે પ્રેમિકા જંગલેશ્વરના હુશેની ચોકમાં પોતાની મોટી બહેન સાથે મચ્છી વેંચવા બેઠી હતી ત્યારે યુવકે ત્યાં જઈને યુવતીને પેટ, છાતી, હાથ, પગમાં છરીના પાંચેક ઘા મારી દીધા હતા. બાદ યુવકે પોતાના પેટમાં પણ ત્રણેક ઘા મારી દેતાં બંને લોહીલુહાણ થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. આ ઘટનામાં યુવતીની હાલત ગંભીર છે. પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધવા કાર્યવાહી હાથ ધરી છે.

# ફેદરા-પીપળી માર્ગ પર ગોઝારા અકસ્માતમાં પતિ-પત્નીનું મોત

અમદાવાદ,તા.૧૨

અમદાવાદ જિલ્લામાં ધંધુકાના ફેદરા-પીપળી માર્ગ પર સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં પતિ-પત્નીનું મોત થયું છે. બુલેટ સવાર યુવાન પતિ-પત્નીના આ અકસ્માતમાં કમકમાટીભર્યા મોત થયા હતા. રોડ પર અંધારામાં ઉભેલી ટ્રકની પાછળ બુલેટ ઘૂસી જતાં આ અકસ્માત થયો હતો. આમ જ્યાં ત્યાં ઊભા રાખવામાં આવતા વાહનના કારણે એક કુટુંબ ખતમ થઈ ગયું હતું. ટ્રક ચાલકની બેદરકારીએ એક દંપતીને ખતમ કરી દીધું હતું. મૃત્યુ પામેલા પતિ-પત્ની શિહોર તાલુકાના વરલ ગામના વતની હતા. ૨૬ વર્ષીય બુલેટ ચાલક નરેશભાઈ વાઘોસીનું ઘટનાસ્થળે મોત થયું હતું. ગંભીર રીતે ઈજાગ્રસ્ત સેજલ વાઘોસીને સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ૨૪ વર્ષીય સેજલને સરકારી હોસ્પિટલના ડોક્ટરોએ મૃત જાહેર કર્યા હતા. આમ સારવાર શરૂ થાય તે પહેલાં જ સેજલ વાઘોસીનું મોત નિપજ્યું હતું. અકસ્માતના પગલે જબરદસ્ત ધડાકો થતાં અને મરણચીસ સંભળાતા સ્થાનિકો દોડી આવ્યા હતા. તેઓએ ૧૦૮ બોલાવી હતી અને ટ્રક ડ્રાઈવર અને ક્લીનરને બરોબરના ફટકાર્યા હતા.



# મિલેટ પ્રત્યે ગુજરાત ઉપરાંત સમગ્ર વિશ્વના લોકોનું આકર્ષણ વધ્યું : કૃષિ મંત્રી

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં જાડા ધાન્ય અને બરછટ અનાજના ઉપયોગ તથા વપરાશને પ્રોત્સાહન આપવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગત તા. ૮ અને ૯ ફેબ્રુઆરી દરમિયાન ‘મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૫’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ ઉપરાંત ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગરમાં આયોજિત આ કાર્યક્રમને નાગરિકોએ બહોળો પ્રતિસાદ આપીને સફળ બનાવ્યો હતો. મિલેટ મહોત્સવ અંગે રસપ્રદ માહિતી આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં આયોજિત બે દિવસીય મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટની આશરે ૨.૯૩ લાખથી વધુ નાગરિકોએ મુલાકાત લઈને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સુરતના કામરેજમાં ફાર્મ હાઉસમાં મહેફિલ પર દરોડો, ૪ યુવકો અને ૨ યુવતીઓ વિદેશી દારૂ સાથે ઝડપાયા

સુરત,તા.૧૨

ફાર્મ હવે બેફામ થવાના ઠેકાણા બની ગયા છે. સુરત જિલ્લાના કામરેજ વિસ્તારમાં પોલીસે એક મોટી કાર્યવાહી કરી છે. કામરેજમાં ફાર્મ હાઉસમાં દારૂની મહેફિલ પર પોલીસે દરોડો કરીને મહેફિલ માણતા ૪ યુવકો અને ૨ યુવતીઓને વિદેશી દારૂ અને બે લક્ઝુરિયસ કાર સાથે ઝડપી પાડ્યા હતા. ગત ૭ ફેબ્રુઆરીના રોજ રાત્રે સુરતમાં આઉટર રિંગરોડના વાલક પાટિયા નજીક દારૂની મહેફિલ માણીને રફતાર પૂર્વક અકસ્માત સર્જ્યો હતો જેમાં બે સગા ભાઈઓના મોત નિપજ્યા હતા. ત્યાર બાદ સુરત જિલ્લા પોલીસે ફાર્મ હાઉસમાં સઘન ચેકીંગ હાથ ધર્યા હતા તે દરમિયાન કામરેજ વિસ્તારમાં પોલીસે એક મોટી કાર્યવાહી કરી છે. કામરેજના મોરથાણા ગામની સીમમાં આવેલા એક ફાર્મ હાઉસમાં ચાલી રહેલી દારૂની મહેફિલ પર પોલીસે દરોડો પાડ્યો હતો.



# નડિયાદમાં સગીરા પર સગા ફુઆએ જ દુષ્કર્મ આચર્યું

નડિયાદ, તા.૧૨

નડિયાદની સગીરા પર તેના સગા ફુઆએ રાજકોટમાં દુષ્કર્મ આચર્યું હતું, જેથી સગીરા ગર્ભવતી થતાં ફુઆનો ભાંડો ફૂટ્યો હતો, અહી ફુઆ-ભત્રીજીના સંબંધને લજવતો કિસ્સો બહાર આવ્યો છે. શહેરમાં એક વિસ્તારમાં રહેતી સગીરાને તેના પિતા સમાન સગા ફુઆએ જ હવસનો શિકાર બનાવી છે. ફુઆએ ભત્રીજી પર શારીરિક અત્યાચાર ગુજાર્યો હતો અને તેને રાજકોટ લઈ જઈ તેની સાથે શરીરસંબંધ બાંધ્યો હતો. દરમિયાન સગીરાને ગર્ભ રહી ગયો હતો, જેથી સમગ્ર મામલો બહાર આવ્યો હતો. આ મામલે સગીરાના પરિવારજનોએ સગીરાની પૂછપરછ કરતાં સમગ્ર કૃત્ય ફુઆએ જ કર્યું હોવાનું જણાવ્યું હતું, જે જાણી સગીરાના માવતરના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. હાલ આ સમગ્ર મામલે પરિવારજનોએ ગત મોડીરાત્રે ફરિયાદ દાખલ કરાવી છે.

# અમદાવાદના કાગડાપીઠ વિસ્તારમાં મોડી રાત્રે નજીવી બાબતે યુવકની હત્યા

અમદાવાદ,તા.૧૨

અમદાવાદમાં જાણે ખૂન કરવું એ શાકભાજી સમારતા હોય તેવી વાત થઈ ગઈ છે. અમદાવાદના કાગડાપીઠ વિસ્તારના મજૂરગામમાં મોડી રાત્રે લોહિયાળ ખેલ ખેલાયો હતો. મજૂરગામ ડુંગર મોતીની ચાલી નજીક હત્યાની વધુ એક ઘટના બની હતી. મહેન્દ્રસિંહ સોલંકી નામના યુવાનની કરપીણ હત્યા કરવામાં આવી હતી. સાવ નજીવી બાબતમાં તેની હત્યા કરવામાં આવી હતી. આ બતાવે છે કે અમદાવાદના કાગડાપીઠ વિસ્તારમાં ગુનેગારો બેફામ બન્યા છે. કાગડાપીઠ પોલીસે યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે એલજી હોસ્પિટલ ખસેડ્યો હતો. યુવક મહેન્દ્રસિંહ સોલંકીની ચાર શખ્સોએ નિર્મમ હત્યા કરી હતી. આરોપીઓ તેમની હત્યા કરીને ફરાર થઈ ગયા હતા. પણ એલસીબીની ટીમે જબરદસ્ત કામગીરી બજાવતા ગણતરીના કલાકોમાં જ હત્યાના આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. એલસીબી પીએસઆઈ મનીષ બ્રહ્મભટ્ટ દ્વારા આરોપીઓની કડક પૂછપરછ કરવામાં આવી હતી. હત્યાની હકીકતના મૂળ સુધી પહોંચવા આરોપીઓની આકરી ઉલટતપાસ શરૂ કરી દેવામાં આવી છે. નજીવી તકરારમાં હત્યા થઈ હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે.






## માત્ર ૪,૮૭૬ કર્મચારીઓએ જ હેલ્મેટ વિના મુસાફરી કરી

# હેલ્મેટ ડ્રાઈવના પ્રથમ દિવસે ૯૮.૯૬% સરકારી કર્મચારીઓએ નિયમનો અમલ કર્યો

ગાંધીનગર,તા.૧૨

રાજ્યના તમામ સરકારી કર્મચારીઓએ ટ્રાફિક નિયમો પ્રત્યે જવાબદારીઓ નિભાવવાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. રાજ્યભરમાં ગુજરાત પોલીસે સરકારી કચેરીઓ બહાર હેલ્મેટ ડ્રાઈવ શરૂ કરી છે, જેમાં પ્રથમ દિવસે અંદાજે ૯૮.૯૬% સરકારી કર્મચારીઓ નિયમોનું પાલન કરીને પોતાની જવાબદારી અને શિસ્તબદ્ધતા પ્રદર્શિત કરતા ધ્યાને આવ્યા છે જે પ્રસંશનીય બાબત છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે ૨ દિવસ પહેલા રાજ્યના સરકારી કર્મચારીઓને અપીલ કરતા જણાવ્યું હતું કે, “તમામ સરકારી કર્મચારીઓ સમાજ માટે રોલ મોડલ છે. તેઓ જો ટ્રાફિક નિયમોનું પાલન કરશે, તો સામાન્ય નાગરિકો માટે પણ તે પ્રેરણાદાયક રહેશે.” આ અપીલના અનુસંધાનમાં, રાજ્યભરમાં સરકારી કચેરીઓ બહાર પોલીસ ચેકિંગ પોઈન્ટ ગોઠવી હેલ્મેટ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે, જેમાં સરકારી કર્મચારીઓની જાગૃતતા સ્પષ્ટ દેખાઈ છે. ગુજરાતમાં અંદાજે ૪.૭૦ લાખથી વધુ કર્મચારીઓ ફરજરત છે, મોટાભાગના કર્મચારીઓએ સ્વયંશિસ્ત દાખવી અને હેલ્મેટ ધારણ કરીને એક ઉદારહરણ પૂરું પાડ્યું, જે નિયમો પ્રત્યેની જાગૃતતાનું ઉત્તમ પ્રદર્શન છે. આ ડ્રાઈવના પ્રથમ દિવસે માત્ર ૪,૮૭૬ કર્મચારીઓએ જ હેલ્મેટ વિના મુસાફરી કરી હોવાનું ધ્યાને આવ્યુ અને તેમને દંડ કરવામાં આવ્યો છે.










